વિશેષ વિવેકીનો વિનય કરવો. વિવેકી પણ પોતાના કરતાં જે જ્ઞાનમાં, ઉમરમાં, ગરૂણીઓમાં, વૃત્તમાં મોટા મિત્ર હોય તેમનો વિનય કરવો જ્ઞાનમાં મોટા હોય તે મિત્રોનું બહુ માન કરવું, તેમની આજ્ઞા હૃદયમાં ધારણ કરવી, તેમની હિતશિક્ષા બહુ માનપૂર્વક સાંભળવી. તેમનાં વહેલાં વચનો હૃદયમાં ધારણ કરવાં. એ જે હૃદયમાં શંકાઓ થાય તેનો નિર્ણય કરવો. વિતંડાવાદમાં ઉતરી જ્ઞાનિનિઓને સતાવવા નહિ. જ્ઞાનિનિઓની પાસેથી વિનયથી જ્ઞાન લેવું, તેમની મશ્કરી કરવી નહિ. તેમની [illegible] અને તન મન ધનથી સેવા કરવી, તેઓ શિખામણ આપે તો ગુસ્સો કરવો નહિ, મીઠું બો-

દ્રવ્યવિનય કરતાં ભાવવિનય શ્રેષ્ઠ છે.

અથવા વ્યવહારવિનય કરતાં ભાવવિનય વિશેષતઃ ઉત્તમ આ ભવમાં અને પરભવમાં છે. વિનય કરતાં મનોવાંછિત વસ્તુઓની પ્રાપ્તિ થાય છે તેમાં કોઇ જાતની શંકા નથી. સમ્યક્ત્વવંત જીવો ભાવવિનયને પામી શકે છે. લૌકિક વિનય કરતાં લોકોત્તર વિનય વિશેષતઃ આરાધ્ય છે. પરમાત્મપદની પ્રાપ્તી લોકોત્તર વિનયથી શીઘ્ર થઇ શકે છે. વિનયની આરાધના કરતાં દેવતાઓ, નૃપતિયો, અને મહર્ષિયો સહેજે વશ થાય છે. વિનય વશીકરણ કરતાં અન્ય વશીકરણવિદ્યા કોઇ જણાતી નથી. યોગ્ય ક્ષેત્ર કાલમાં જ્યાં ત્યાં જેવો ઘટે તેવો મન વાણી અને કાયાથી ઉચિત વિનય સાચવનાર સ્ત્રીઓ તથા પુરૂષો આ ભવમાં તથા પરભવમાં સુખી થાય છે. ભવ્યજીવો! વિનયનો ઉત્તમ મહિમા જાણી અહર્નિશ તેનું સેવન કરો. વિનય કરવાથી દૈવાદિકી બુદ્ધિ હૃદયમાં પ્રગટ થાય છે. કર્મની વર્ગણાઓ ખરી જતાં આત્મા નિર્મલ થાય છે. વિનયનું ફલ પ્રતિદિન આ ભવમાં તમે અનુભવશો. વારંવાર વિનયનું સેવન કરવું યોગ્ય છે.

વિનય શક્તિ સુખ દેતી છે.

વિવેક રત્ન.

વિવેકમો દશમો નિધિઃ—વિવેક દશમો નિધિ સ-પુરૂષોએ કહ્યો છે. જગતમાં હેય શું છે. ઉપાદેય શું છે. જ્ઞેય શું છે. તેનું યથાર્થ જ્ઞાન થયા વિના વિવેક પ્રકટયો એમ કહેવું તે હાસ્યજનક છે. વિવેકી મનુષ્ય સત્યાસત્યનો વિચાર કરી શકે છે યોગ્ય અને અયોગ્ય કૃત્ય સમજી શકે છે. દેવ, ગુરૂ, ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજી શકે છે. મનુષ્યના હૃદયમાં વિવેકરૂપ સૂર્યનો ઉદ્યોત થતાં અજ્ઞાનરૂપ અંધકાર રહેતો નથી. વિવેકી મનુષ્ય અમૃતને અમૃત સમજે છે અને ઝેરને ઝેર સમજે છે. અવિવેકી તેથી ઉલટું સમજે છે. વિવેકી અને અવિવેકીની દ્રષ્ટિમાં મહાન્ ભેદ છે. વિવેકી ધર્મતરફ પ્રીતિ ધારણ કરે છે ત્યારે અવિવેકી અધર્મતરફ પ્રીતિ

ા નથી. ઉત્તમ પુરૂષ અને અધમ પુરૂષનાં લક્ષણ ભિન્ન
ભાનું વિવેકદૃષ્ટિથી બને છે. વિવેકી પુરૂષ દ્રવ્ય ક્ષેત્ર કાલ
ગ્ય જાણી યોગ્યઆચરણ કરે છે ત્યારે અજ્ઞાનિથી તેમ
યું નથી, વિવેકી મનુષ્ય આત્માભિમુખ પ્રવૃત્તિ કરે છે.
યારે છે કે અહો જગતમાં સત્યતત્ત્વ તે જ સત્ય છે,
ી સત્ય થતું નથી, વિવેકી જે જે કાર્ય કરે છે તેમાં શુભા-
ચાર કરીને પ્રવૃત્તિ કરે છે. હંસ જેમ દૂધ અને પાણી
ા છે તોપણ પોતાની ચંચુથી જલને દૂધ ભિન્ન ભિન્ન
મ વિવેકી પણ કૃત્ય અને અકૃત્યને ભિન્ન ભિન્ન કરે છે.
ટથી વિવેકના બે ભેદ પડે છે. **સંસારિકવિવેક '**
વિવેક સંસારિક વિવેકની પણ સંસારમાં જરૂર પડે છે.
અનેક બાબતોનો વિવેક સાચવવો પડે છે. **ધાર્મિક વિવેક**
વિના ખરેખરી શાંતિ મળતી નથી, કયો ધર્મ ખરો
ે કઇ અપેક્ષાએ તેનો પૂર્ણ ખ્યાલ, વિવેકદષ્ટિ વિના થતો
ચલાતી પુત્ર સદ્દગુરૂના ઉપદેશથી ઉપશમ, સંવર, અને
ી ત્રણ રત્ન પામી પરમાત્મપદને પામ્યા. આ દૃષ્ટાંતથી
જવાનું કે જ્યારે વિવેકની પ્રાપ્તિ થાય છે ત્યારે પરમાત્મ
ટે છે, શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિને જ્યારે વિવેક પ્રગટયો
ધ્યાન પરિહરી શુક્લધ્યાન ધ્યાવી મુક્તિ વર્યા. દઢ-
કે જે ચાર હત્યાનો કરનાર હતો તે પણ વિવેક પામી
નો ત્યાગ કરી મુક્તિપદ પામ્યો. અરણિક મુનિને જ્યારે
માવ્યો ત્યારે માતાનું કહ્યું વચન માન્ય કર્યું અને અન-
ગીકાર કર્યું, આવા અનેક દાખલાઓ શાસ્ત્રો વાંચતાં નજરે
બાહુબળી જ્યારે વિવેક પામ્યા ત્યારે લઘુલા અંગીકાર
લનાં જ કેવલજ્ઞાન પ્રગટયું. મનુષ્યના હૃદયમાં વિવેક
દુર્જન પાપકાર્યથી પાછો હઠે છે તે ઉપર એક **વિવેક**
' દૃષ્ટાંત જણાવે છે.

વિદ્યાપુરી નગરીમાં વિવેકચંદ્ર, વિનયચંદ્ર શેઠ વસતા હતા.
સ્વભાવે નમ્ર અને ધનાઢ્ય હતા. નગરમાં તેમની કીર્તિ સારી
. ઘેપિ વર્ગમાં તેમનું નામ પ્રથમ ગણાતું હતું. વિનયચંદ્રને
સ્ત્રી હતી. દયા પણ પોતાના પતિની આજ્ઞા પ્રમાણે ચાલતી.
જીવને દુઃખી દેખી તેણીનું મન દુઃખાતું. સર્વ જીવની રક્ષા
તી, કોઈ જીવની હિંસા કરતી નહોતી. આ પ્રમાણે સ્ત્રી પુરૂ
સાંસારિક સુખ ભોગવતાં એક પુત્ર થયો અને તેનું નામ
વેકચંદ્ર પાડ્યું, વિવેકચંદ્ર પ્રતિદિન મોટો થવા લાગ્યો, બા-
ળાવસ્થામાં અનેક પ્રકારની રમત ગમતની ક્રીડાએ બાળકો સાથે
વા લાગ્યો. વિવેકચંદ્ર ઉમર લાયક થવા લાગ્યો કે એટલામાં
ા માબાપ મરી ગયાં વિવેકચંદ્ર નિરાધાર થયો. બહુ દુઃખી
યો. કહ્યું છે કે—

ગાથા.

बालस्स माइ मरणं, भज्जा मरणं च जुव्वणारंभे ॥
थेरस्स पुत्त मरणं, तिन्निवि गरुआइं दुक्खाइं ॥ १ ॥

ભાવાર્થ—બાલ્યાવસ્થામાં માતાનું મરણ થવું, યુવાવસ્થામાં
સ્ત્રીનું મરણ થવું, વૃદ્ધસમયમાં પુત્રનું મરણ થવું. આ ત્રણ
ણ મોટા દુઃખ છે. વિવેકચંદ્રને પણ આ ત્રણમાનું એક મોટું
દુઃખ પ્રાપ્ત થયું, પણ બનવાનું હોય છે તે બને છે કહ્યું છે કે,
"ઉદ્યમ કરીરે હજાર બનવાનું તે બને છે." આ કહેવત પ્રમાણે
બનવાનું મિથ્યા થતું નથી, વિવેકચંદ્રના પિતાએ ગુમાસ્તાને
પ્રમાણિક જાણી પુત્ર મોટો થાય ત્યાં સુધીની સર્વ વ્યવસ્થા તેના
હાથમાં સોંપી હતી. ગુમાસ્તાએ વિવેકચંદ્રને સારી રીતે ભણાવ્યો,
વિવેક ચંદ્રને નઠારા મિત્રોની સોબત થઈ તેથી વિવેકચંદ્રમાં દુર્ગુ-
ણોની અસર થઈ. શાસ્ત્રોમાં કહ્યું છે કે, સારી અને નઠારી સંગતિ
પામી મન સારૂં અને નઠારૂં બને છે જેવા સંસ્કારોના કારણો
સેવાય છે તેવા સંસ્કારો હૃદયમાં પ્રગટે છે,
નઠારા મિત્રોની સોબત યુવાવસ્થામાં દુર્મિત્રોની સંગતિથી વિવેકચંદ્ર

ધનનો ધુમાડો કરવા લાગ્યો. પરસ્ત્રી સંગી થયો, કંદોઇના ઘરની મીઠાઇ ખાધા વિના તો તેને સંતોષ થતો નહોતો, વિવેકચંદ્રને પ્રતિદિન ખરાબ ટેવો પડવા લાગી અને તે ગુમાસ્તાની પણ દરકાર કરતો ન્હોતો. ગુમાસ્તાએ વિવેકચંદ્રની ખરાબ ટેવો જાણી. એક દીવસ ગુમાસ્તાએ વિવેકચંદ્રને નઠારી ટેવો માટે ઠપકો આપ્યો. ગુમાસ્તાની શિખામણથી વિવેકચંદ્રના મનમાં ઓછું આવ્યું. તેનું મન વશમાં રહ્યું નહિ, ઉદ્ધતાઇથી વિવેકચંદ્ર કહેવા લાગ્યો કે, હે ગુમાસ્તા ! તું તો મારો નોકર છે, હું ત્હારો શેઠછું. મ્હારા કહેવાપ્રમાણે તારે વર્તવું પડશે, તું એવો કેવો મોટો થઇ ગયો કે મને શિખામણ આપવા તૈયાર થયો છું. મ્હારા ધનનો તું જે ઉપયોગ કરે છે તે હું જાણું છું, ત્હારૂં પોગળ ફોડી નાંખીશ. વિવેકચંદ્રનું એકદમ વિવેકશુન્ય ભાષણ સાંભળી ગુમાસ્તો સ્તબ્ધ થઇ ગયો. ગુમાસ્તાએ વિચાર કર્યો કે આ શેઠપુત્ર હજી નાદાન છે, હું શા માટે કહું છું તેનો નિર્ણય કરવા માટે તેનામાં વિવેકની જરૂર છે, ભલે તે ગમે તેમ બોલે. હાલ મૌન રહેવું યોગ્ય છે. ઉચિત અવસર જાણીને કાર્ય કરવું, અવસર જાણીને બોલવાથી ફાયદો થાય છે, જે અવસરના જાણ નથી તે ખરેખર મૂર્ખ છે. અવસર વિના બોલેલું વચન નિરર્થક થાય છે.

ઉચિત અવસર જાણનાર વિજયી નીવડે છે.

ગુમાસ્તાએ વિચાર કર્યો કે હાલ તેની હાએ હાજી હા ભણીને કામ લેવું. શેઠના પુત્રની ઇચ્છાપ્રમાણે ગુમાસ્તો પણ વર્તવા લાગ્યો. તેથી વિવેકચંદ્ર ખુશ થયો અને ગુમાસ્તાની સાથે વિવેકચંદ્રનું મન મળી ગયું, એક દિવસે વિવેકચંદ્રે ગુમાસ્તાને કહ્યું કે તમે મીઠાઈ લેઈ આવો, ગુમાસ્તાએ કહ્યું કે ચાલો આપણે બે ત્યાં તપાસ કરી મીઠાઈ લઇએ. શેઠપુત્ર અને ગુમાસ્તો બન્ને કંદોઈની દુકાને આવ્યા. કંદોઈ તે વખતે મીઠાઇ બનાવતો હતો, વૃદ્ધાવસ્થાથી નાકમાંથી લીંટનો સૂક્ષ્મ

કંદોઇની દુકાન અને વેશ્યાને ઘેર બન્નેનું સાથે ગમન.

પ્રવાહ, મીઠાઇ બનાવતા હતા તેમાં ઝરતા હતા. માખી-
ઓનો બણુબણાટ તો પુષ્કળ હતો, વચ્ચે વચ્ચે કંદોઇ
પાણી પીતો હતો તેથી પાણીના છાંટા મીઠાઇમાં પડતા
હતા. મેલા ગંદા હાથે કેટલાક લોકો લાડવા વાળતા હતા. તેથી
વિવેકચંદ્રના મનમાં વિચાર થયો કે અરે! આ તો અપવિત્ર
મીઠાઇ થાય છે. આ મીઠાઇ કરતાં ઘેર મીઠાઇ બનાવીને ખાવી
તે ઠીક, છીટ, હું તો કંદોઇના ઘરની મીઠાઇ ખાઇશ નહિ, ગુ-
માસ્તાને પુછતાં ગુમાસ્તાએ પણ કહ્યું કે શ્રેષ્ઠિપુત્ર ! આપનો વિ-
ચાર વિવેકથી પૂર્ણ છે. ગુમાસ્તો મનમાં હસ્યો. હાશ !! ઠીક
કાર્ય થયું. રાત્રીના સમયમાં વિવેકચંદ્રના મનમાં વેશ્યાના ઘેર
જવાનો વિચાર થયો, ગુમાસ્તાની સલાહ લીધી. ગુમાસ્તો પણ
મનમાં વિચાર કરી બોલ્યો કે, વિવેકચંદ્રજી! વેશ્યાના ઘેર રાત્રીના
પાછલા પ્રહરમાં જવું યોગ્ય લેખું છું. કારણ કે હાલ અન્ય કામિ
પુરૂષો આવ્યા હશે તેથી જેવી જોઇએ તેવી શાંતિ મઝાહ મળશે
નહિ. ગુમાસ્તાના વિચાર પ્રમાણે વિવેકચંદ્ર પાછલા પ્રહરમાં
ગુમાસ્તાને સાથે લેઈ ગયો. વેશ્યાનો આ વખત નિદ્રાનો હતો.
એક પલંગમાં વેશ્યા પડી હતી. જે આંખો પ્રથમ જે જે સમ-
યમાં સુંદર દેખાતી હતી. તે હાલ શોભાને આપતી નહોતી. ગાલ
ઉપર આંખમાં ઘાલેલી મેંશના પ્રવાહ તણાઇ આવ્યા હતા. વ-
સ્ત્રની અવ્યવસ્થા થવાથી શોભાયમાન અંગો પણ અરૂચિકર
લાગ્યાં. કેશપાશ છુટવાથી અને તે શરીરપર વિખરાઇ જવાથી
ભૂતડીની શોભાને ધારણ કરતી હતી, વેશ્યાનાં પ્રત્યેક અંગ
બીભત્સ જણાયાં. વિવેકચંદ્ર મનમાં વિચાર કરીને ગુમાસ્તાને કહેવા
લાગ્યો કે, કેમ ગુમાસ્તા ! આવી વેશ્યા કરતાં ઘરની સ્ત્રી શું ખોટી
છે ? ગુમાસ્તાએ પણ તે બાબતની સારી રીતે પુષ્ટિ કરી. પૈસાનો
નાશ, વિત્તનો નાશ, વીર્યનો નાશ આદિ અનેક દુર્ગુણોનું કારણ
વેશ્યા છે કહ્યું છે કે—

પ્રકરણ ચોથું.

મૈત્રિભાવના.

मित्ती मे सव्वभूएसु. वेरं मज्झं न केणइ. ॥

મ્હારી સર્વ પ્રાણીઓ ઉપર મૈત્રીભાવના છે, કોઈની ઉપર મ્હારે વૈર નથી. સર્વ જીવો મ્હારા સમાન છે. કર્મના આધીન થઈ જીવ પોતાનું ભાન ભૂલી અન્ય આત્માઓને શત્રુ કલ્પે છે, તેમાં કર્મનો દોષ છે પણ, પક્ષી સર્વ મનુષ્યો વગેરે જીવો મ્હારા આત્માની તુલ્યતાને ધારણ કરનાર છે ફક્ત કર્મના લીધે ભેદ દેખવામાં આવે છે મ્હારા આત્માની ઉન્નતિ માટે સર્વ જીવોની ઉન્નતિ કરવી જોઈએ. **વર્ણાશ્રમ અને નાતભેદને** દૂર કરી સર્વ જીવોનું ભલું કરવું જોઈએ. જ્યારે સર્વ જીવો મિત્ર છે તો તેઓનું બુરૂં કરવા એક લેશમાત્ર પણ ખરાબ વિચાર કેમ કરવો જોઈએ? સર્વ જીવોપર જેની મિત્રબુદ્ધિ થઈ છે તેને કોઈપણ વૈરી રહેતા નથી અને એવો આત્મા સંસારરૂપ સમુદ્રને તરી તેની પેલી પાર જાય છે. શ્રી વીરપ્રભુએ મૈત્રીભાવના ધારણ કરી અનેક દુષ્ટોના ઉપસર્ગો સહન કર્યા. ચંડકૌશિયા સર્પે શ્રીવીર પ્રભુને દશ દીધો તોપણ વીરપ્રભુ જરામાત્ર મૈત્રીભાવનાથી ચલાયમાન થયા. નહીં. કેવી મૈત્રીભાવનાની ઉત્તમતા!!! શ્રીવીરપ્રભુએ ચંડકૌશિયા સર્પપર કરૂણા કરી ઉપદેશ દેઈ તેનું આત્મહિત કર્યું જગતમાં અનેક દોષથી દોષિત જીવોને દેખી કોઈની નિંદા વા ભૂંડું કરવું નહિ. શ્રીવીરપ્રભુના પગલે ચાલી સર્વ જીવોની સાથે મૈત્રીભાવના રાખવી એ કંઈ સામાન્ય વાત નથી. કોશના ચણા ચાવવાની પેઠે મૈત્રીભાવના રાખતાં અનેક સંકટોમાંથી પસાર થવું પડે છે. રાગદ્વેષના એવા તો પ્રપંચ છે કે હૃદયમાં ઉઠતી મૈત્રીભાવનાનો ક્ષણમાં નાશ કરી દે છે. મનુષ્ય પોતાના આત્મા સમાન અન્યના દેખે એવો તેનો સ્વાભાવિક-ધર્મ છે કિંતુ તેની આડે આવનાર ઈર્ષ્યા, અહં-



ભવ્યો ! સમજશો કે મિત્રાઈ આવી અપૂર્વ શક્તિવાળી છે. મૈત્રીભાવનાથી તમો પરમાનંદ સુખના ભોગી બનો એમાં કંઈ-પણ આશ્ચર્ય નથી. મૈત્રીભાવનાથી મોક્ષનાં સુખ પણ સહેજે મળે છે. આવી મૈત્રીભાવના પ્રત્યેક મનુષ્યો ધારે તો હૃદયમાં ધારણ કરી શકે. આવી અલૌકિક મૈત્રીભાવનામાં પ્રવેશ કરતાં હું તું નો ભેદ ટળે છે. કંઈપણ ભેદભાવ રહેતો નથી. आत्मवत् सर्व भूतेषु यः पश्यति स पश्यति. પોતાના આત્માસમાન અન્યને દેખે છે તેજ ખરેખર દેખનાર છે એવો આત્મદષ્ટિભાવ, સાક્ષાત્ ત્યાં અનુભવાય છે, તેવી સ્થિતિમાં આત્મા સર્વને એક સમાન ભાવનાથી દેખી ઉદ્ગાર કાડે છે કે—

अमोंने तमो समाज्ञानि, तमोंने अमो समाज्ञानि.
पशुपंखी हमारां छे, हमारां ते तमारां छे. १
जीवोंने प्रेमथी भेटुं, हमारे कांइ नहि छेटुं.
सहु जीव मित्र म्हारा छे, ममत्वभाव विसार्या छे. २
दयागंगा हृदय वहेती, अमोने प्रेमथी कहेती.
अमारामां सदा झीले, अनन्तां सुख तसदीले. ३

આવી એકત્વ ભાવનાના પરમ પ્રેમમય ઉદ્ગાર મૈત્રીભાવનાની ઉચ્ચ દશાથી નીકળે છે.

आत्मा मैत्री भावना धारण करी शके छे.
आत्मामां तेवुं सामर्थ्य छे.

જ્યારે ત્યારે પણ દ્રવ્ય અને ભાવનાથી મૈત્રીભાવના ધારણ કર્યા વિના છૂટકો નથી. તો હવે કેમ આલસ્ય કરૂં ? મૈત્રી ભાવનાથી અનેક જીવો પરમાત્મા થયા અને થાશે. ગજસુકુમાલે જ્યારે સ્મશાનમાં કાયોત્સર્ગ કરી ધ્યાન કર્યું હતું ત્યારે સોમિલ નામના તેમના સસરા આવ્યા. પોતાની પુત્રીને ત્યજી ગજસુકુમાલ સાધુ થયેલા દેખી સોમિલના મનમાં ક્રોધ ઉત્પન્ન થયો. ગજસુકુમાલને દુઃખ દેવા માટે તેના મસ્તકપર લીલી માટીની પાળ બાંધી, અને તે પાળના ઉપર સ્મશાનમાંથી બળતા ધગધ-

પ્રકરણ પાંચમું.

દયારત્ન

दया धम्मस्स जणणी—दया धर्मस्य जननी.

જગતમાં [illegible] દયા **ધર્મની માતા** છે જેમ [illegible] તેમ દયા પણ **ધર્મરૂપ** પુત્રને [illegible] સમાન કોઈ **ઉત્તમ** ધર્મ નથી [illegible] **છે. દયાથી** [illegible] ની પ્રાપ્તિ **પણ** દયાથી [illegible] છે દયાવિના **ઉ-** [illegible] આત્મા **એક** [illegible] મોક્ષના **મોટું** [illegible] ની પ્રાપ્તિ **કરાવનાર** દયા [illegible] છે. **દયાની** [illegible] બુદ્ધિ **પણ રહી** શકતી નથી [illegible] **જેમ** [illegible] **નથી. પતિ** [illegible] **જેમ પુ-** [illegible] **શકતો** નથી. [illegible] **છે. દયા** વિના [illegible] **નથી.** જગતમાં [illegible] **ખરેખર** [illegible] **થઈ** શકે છે [illegible] **શકા-** તી નથી [illegible] **મનુષ્યોની** સ્વાભાવિક થાય છે દયાવિના જગતમાં [illegible] રહેવું ને ખરેખર [illegible] દૃષ્ટિને ધારણ કરે છે શ્રી કેવલીભગવાન પણ દયાનું પૂર્ણસ્વરૂપ વર્ણન કરી શકે નહીં. પ્રત્યેક મનુષ્યોની નિ-ર્મલબુદ્ધિ કરાવનાર દયા છે. દયાવિના કોઈ યોગમાર્ગમાં પ્રવેશ

કરી શકતો નથી. દયાવાન સર્વ શાશ્વત સુખના સંયોગો મેળવી શકે છે. સર્વ જીવોની દયા પાળનાર અવશ્ય પરમાત્મપદ પ્રાપ્ત કરી શકે છે. સર્વ જીવોની સાથે ભ્રાતૃભાવ રાખવો હોય તો દયાવિના બની શકતો નથી. સર્વ જીવોનું ભલું કરવું. કોઇ જીવનું બુરૂં ઇચ્છવું નહીં, તે દયામાં સમાય છે. પરમેશ્વરના નામના પોકારો કરી કરીને સ્તુતિ કરો પણ જ્યાં સુધી દયા નથી, ત્યાં સુધી પોકારો તે ખરેખર અરણ્યમાં રૂદન સમાન છે. પરમેશ્વરના નામની માળાઓ ગણો પણ જ્યાં સુધી હૃદયમાં દયાદેવીએ વાસ કર્યો નથી ત્યાં સુધી માળાઓના ઢગલાથી કંઇ થઇ શકતું નથી. શામાટે આડા અવળા ભટકવું જોઇએ: દયા કરો તો તમારા આત્મામાંજ મુક્તિ છે. સર્વ કર્મથી મૂકાવું તેને મુક્તિ કહે છે તેની આરાધના દયાવિના થઇ શકતી નથી. દયાથી ખરેખર સર્વ જીવો મુક્તિપદ પ્રાપ્ત કરી શકે છે. પણ ભવ્યો! સમજશો કે જ્ઞાનવિના દયા થઇ શકતી નથી. દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે કે **પઢમં નાણંતઓ દયા.** પ્રથમ જ્ઞાન, અને જ્ઞાનથી દયા થઇ શકે છે. જ્ઞાનવિના એકેન્દ્રિય આદિ જીવોને ઓળખી શકાતા નથી. સર્વ પ્રકારના જીવોનું જ્ઞાન કરવા માટે જિનાગમોનું વાચન તથા શ્રવણ કરવું જોઇએ. જૈનશાસ્ત્રમાં જીવના ભેદોનું જે વર્ણન કર્યું છે તે અન્યત્ર જોવામાં આવતું નથી. જૈનશાસ્ત્રો વાંચતાં સર્વ જીવોનું સ્વરૂપ સમજાય છે. માટે દયારૂપ અમૂલ્ય રત્નની પ્રાપ્તિ કરવાની ઇચ્છાવાળાએ પ્રથમ સદ્ગુરૂ પાસે જીવતત્ત્વનું જ્ઞાન કરવું જોઇએ. જૈનસૂત્રો તથા ગ્રંથોમાં દયા પાળવાની જે જે વ્યવસ્થા છે તે યુક્તિપ્રમાણથી સારી રીતે બતાવી છે. દયાના પાળનાર વિશેષતઃ જોતાં જૈનો છે એમ સર્વદર્શનવાળાઓ કબુલ કરે છે. દયાના સિદ્ધાંતોના શ્રવણથી જૈનધર્મમાં એટલી બધી અસર થઇ છે કે તે દયાના માટે સદાકાળ પ્રયત્ન કરે છે.

અન્યધર્મવાળાઓ કેટલાક એકદેશીય સ્વાધિક દયામાં વિશેષતઃ પ્રયત્ન કરે છે ત્યારે જૈનો સર્વદેશીય દયાને માટે પ્રયત્ન કરે છે.

જ્ઞાનવિના દયા થઇ શકતી નથી.

દયાથી આત્મા ખરેખર અનંત સુખ પ્રાપ્ત કરી શકે છે. આવી ઉત્તમ દયાની સિદ્ધિ, અનેકાન્તમાર્ગમાં થઈ શકે છે. જિનદર્શનમાં સ્વદયા અને પરદયાની સિદ્ધિ થાય છે, વ્યવહારદયા અને નિશ્ચયદયાની પણ સિદ્ધિ જિનદર્શનમાં યથાર્થ થઈ શકે છે. જે મનુષ્યો આત્માનું અસ્તિત્વ સ્વીકારતા નથી તેમના મતમાં દયાની સિદ્ધિ થઈ શકતી નથી કારણ કે જ્યારે આત્મા નથી ત્યારે દયા શા-માટે પાળવી જોઈએ ? દયા ન પાળીએ તો શાળ મારી નાખે, માટે દયાની જરૂર છે, આવી દયાની દલીલ ખરેખર હૃદયમાં કંઈ અસર કરી શકતી નથી. માટે આત્માનું અસ્તિત્વ નહિ સ્વીકારનારા એવા નાસ્તિકોના વિચારમાં દયાની સિદ્ધિ ક્યાંથી હોય ? કેટલા પંચભૂતના સંયોગે આત્માની ઉત્પત્તિ થાય છે, એમ માને છે. જ્યારે પંચભૂતનો વિલય થાય છે ત્યારે આત્મા નષ્ટ થાય છે, આવા ચાર્વાકોના મતમાં દયાની ખરેખરી સિદ્ધિ ક્યાંથી થઈ શકે; કેટલાક લોકો એમ માને છે કે, અમને પરમેશ્વરે બનાવ્યા છે, આત્મા જ્યારે આ શરીર છોડી દે છે ત્યારે અન્ય અવતાર ધારણ કરી શકતો નથી. આવા સિદ્ધાંતને માનનાર મુસલમાન અને ખ્રીસ્તિધર્મવાળાઓ છે. ખ્રીસ્તિઓ વગેરે લોકો પુનર્જન્મ માનતા નથી ત્યારે તેમના મતમાં દયાની સિદ્ધિ થઈ શકતી નથી.

સ્યાદ્વાદ દર્શનમાં દયાની સિદ્ધિ થાય છે.

હિંસા કરવાથી પાપ લાગે છે અને તે પાપને પરભવમાં આત્મા ભોગવે છે એવો નિશ્ચય જ્યાં સુધી થાય નહિ ત્યાંસુધી એક જીવના માટે દયા કરવી જોઈએ એમ બોલવું તે દયાની સિદ્ધિથી વિરૂદ્ધ છે. સમજો કે એક ખ્રીસ્તિએ મરવાની પહેલા એક કલાકમાં એક મનુષ્યને મારી નાખ્યો, પશ્ચાત્ મરી ગયો હવે વિચારો કે ખ્રીસ્તિનો આત્મા મરી ગયો તે મરી ગયોજ. અન્ય અવતાર તો ધારણ કરનાર નથી, ત્યારે મરણની પહેલાં એક કલાકમાં જે પાપ કર્યું હતું તેને ક્યારે ભોગવશે ! જો એમ કહેવામાં આવે કે તે પાપનું ફળ તે ખ્રીસ્તિ ભોગવી શકે નહીં,

...ણિકઆત્મવા... ...ાં દયાનીસિદ્ધિ ...ઈ શકતી નથી.

ક્ષણિકઆત્માને માનનારા બૌદ્ધો છે, બૌદ્ધો, ઇશ્વિરકર્તૃત્વ જગત્ સ્વીકારતા નથી, જગત્નો બનાવનાર પરમેશ્વર નથી એમ બૌદ્ધો સ્વીકારે છે. બૌદ્ધધર્મવાળાઓ એમ કહે છે કે, આત્મા ક્ષણમાં ઉત્પન્ન થઇને મરી જાય છે. એક ...લાકમાં તો મનુષ્યના એક શરીરમાં લાખો કરોડોઆત્માઓ ...ત્પન્ન થઇને મરી જાય છે, અત્ર વિચારો તો માલુમ પડશે ...કે, એક આત્માએ કોઈ મનુષ્યને મારી નાંખ્યો. પશ્ચાત્ તે આત્મા તો મરી ગયો, હવે સરકારમાં કામ ચાલ્યું, તેમાં દેવદત્તને ફાંસીની સજા થઈ. ફાંસી ખાનાર આત્મા તો ભિન્ન ઠર્યો, અને મનુષ્યને મારનાર આત્મા તો મરી ગયો. મારનાર આત્મા ભિન્ન અને ફાંસી ખાનાર આત્મા પણ ભિન્ન; એક આત્માએ હિંસા કરી અને ફાંસી ખાનાર અન્ય આત્મા ઠર્યોઃ અહો કેવો અન્યાય !!! જે આત્માએ હિંસા કરી તેજ આત્મા હિંસાનું ફળ ભોગવી શકે એવો સત્ય ન્યાય છે. આવો સત્ય ન્યાય, ક્ષણિકબૌદ્ધદર્શનમાં ઘટી શકતો નથી માટે તેમાં પણ દયાની યથાર્થ સિદ્ધિ હરી શકતી નથી. જે લોકો એકાંત આત્મા નિત્યજ માને છે તેમના મતમાં પણ દયાની સિદ્ધિ થઇ શકતી નથી.

એકાંતનિત્યઆત્મા માનતાં પણ દયાની સિદ્ધિ થઇ શકતી નથી.

જો એકાંતનિત્ય આત્મા માનવામાં આવે તો એકાંતનિત્યઆત્મા સદા અવિકારી રહે છે, અને તેથી હિંસા કરવાથી આત્માને કર્મ લાગી શકે એમ કહેવું તે **આકાશકુસુમવત્** અસત્ય ઠરે છે, એકાંતનિત્યઆત્મા, દયા અગર હિંસાની કોઇ પણ ક્રિયા કરી શકે નહિં, અને જ્યારે કોઇ પણ પ્રકારની એકાંતનિત્યઆત્મા ક્રિયા કરી શકે નહી ત્યારે તે દયાની ક્રિયા પણ શી રીતે કરી શકે ? એકાંતનિત્યઆત્માને મન, વચન અને કાયાનો સંબંધ શીરીતે હોઇ શકેઃ અલબત્ત હોઇ શકે નહીં, કથંચિત્ આત્મા નિત્ય માનતાં અને કથંચિત આત્મા ...

શકેજ નહીં. અનુભવ અને યુક્તિથી જે વિચાર બંધ બેસે નહીં તે માની શકાય નહીં, સર્વવ્યાપક આત્મામાં દયાની સિદ્ધિ કોઈ પણ પ્રમાણ વા યુક્તિથી થઈ શકતી નથી. માટે તે મત મન્તવ્ય નથી. કેટલાક લોકો આત્માને અણુ અને નિત્ય માને છે. તેમના મતમાં પણ દયાની સિદ્ધિ થઈ શકતી નથી, એકાંત નિત્ય અણુરૂપ આત્માને અનિત્યતાના અભાવે કર્મ લાગી શકતાં નથી. અનંત પરમાણુ પુદ્ગલસ્કંધરૂપ કર્મ હોય છે અને તે કથંચિત્ અનિત્ય આત્મા માનતાં પુણ્ય પાપરૂપ કર્મ લાગવાનો યથાર્થ સંબંધ સિદ્ધ કરે. અણુરૂપ આત્મા આખા દેહમાં વ્યાપીને રહી શકે નહીં અને તેથી તેને પંચઇન્દ્રિયોદ્વારા જ્ઞાન થઈ શકે નહીં. અણુરૂપ આત્માને પ્રેરેલો હોઇ શકે નહીં. અણુરૂપ આત્મા કોઈ પણ જાતની ક્રિયા કરી શકે નહીં અને એમ અક્રિય સિદ્ધ કરવાથી શરીરાદિકના સંબંધની ઉપપત્તિ સિદ્ધ કરી શકે નહીં. ત્યારે પુણ્યપાપનો તો તેની સાથે સંબંધ શી રીતે થઇ શકે ? અને જ્યારે કર્મનો સંબંધ તેની સાથે ઘટે નહીં ત્યારે દયા, સત્ય, બ્રહ્મચર્ય વગેરે સદ્ગુણો અંગીકાર કરવાનું પ્રયોજન રહેતું નથી. તેમજ વ્રતાદિ ધારણ કરવાનું પ્રયોજન રહેતું નથી. માટે એકાંત અણુરૂપ આત્મા માનતાં દયાની સિદ્ધિ થઈ શકતી નથી. કેટલાક લોકો સર્વ જીવોનો એક આત્મા સ્વીકારે છે, અને તેઓ પોતાનો મત જલચંદ્રના દૃષ્ટાંતથી પ્રતિપાદન કરે છે.

અનુતરમાં દયાની સિદ્ધિ થઈ શકતી નથી.

एक एवहिभूतात्मा, भूते भूते व्यवस्थितः ॥
एकधा बहुधा चैव, दृश्यते जलचन्द्रवत् ॥ १ ॥

એક આત્મા સર્વ જીવોમાં રહ્યો છે. તે એક છે પણ બહુ પ્રકારે દેખાય છે. જેમ એક ચંદ્રનું પ્રતિબિંબ જલભૃત સહસ્ર ઘટમાં પડે તો સહસ્રચંદ્ર હોય તેમ દેખાય છે તેમ અત્ર સમજવું. આવી રીતે તે લોકોનું કહેવાનું છે.

સર્વ જીવોમાં એક આત્મા માનતાં પણ દયાની સિદ્ધિ

દયાદિકની સિદ્ધિ કરી શકે છે. સર્વ મતામા મનાએલા આત્માની આ પ્રમાણે સમાલોચના કરતાં માલુમ પડે છે કે જિનદર્શનમાં સ્યાદ્વાદરૂપે મનાએલા આત્માઓમાં દયાદિક સર્વ ઘટે છે. દયાદિકની આ પ્રમાણે સિદ્ધિ કરે છે. હવે દયાના ભેદોનું વર્ણન કરાય છે.

દયાના અપેક્ષાએ અનેક ભેદ પડે છે.

દયાના અપેક્ષાએ અનેક ભેદ પડે છે. જિનશાસ્ત્રોમાં દયાના ભેદોનું અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિથી વર્ણન કર્યુ છે. દયાના મુખ્યતાએ બે ભેદ પડે છે, **દ્રવ્યદયા** અને **ભાવદયા**. તેમાં જીવોના પ્રાણોનું રક્ષણ કરવું તેને **દ્રવ્યદયા** કહે છે અને જીવના જ્ઞાનદર્શન ચારિત્રાદિ ભાવપ્રાણોનું રક્ષણ કરવુ તેને **ભાવદયા** કહે છે. દ્રવ્ય દયાથી જીવ પુણ્યાદિક પ્રાપ્ત કરી ઉત્તમગતિ પ્રાપ્ત કરે છે અને **ભાવદયાથી** જ્ઞાન દર્શન ચરિત્રાદિ લક્ષ્મી પામી મોક્ષ પ્રાપ્ત કરે છે. દ્રવ્ય દયાના કરનારા સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ જીવો પણ હોય છે અને **ભાવદયાના** કરનારા તો **સમ્યગ્દૃષ્ટિજીવો** હોય છે. દ્રવ્ય દયાથી આત્મા ભાવદયાને પામી શકે છે. સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ વિના ભાવદયા હોઇ શકતી નથી. પોતાના આત્માનું સ્યાદ્વાદદૃષ્ટિથી સ્વરૂપ

દ્રવ્યદયા કરતાં ભાવદયા અનંતગુણ હિતકારક છે.

ઓળખતાં ભાવદયા પ્રાપ્ત થાય છે. ભાવદયા કરનારો જીવ ચઉદરાજલોકમાં વર્તનારા જીવોને અભયદાન અર્પે છે. **ભાવદયા** બે પ્રકારની છે **સ્વભાવદયા** અને **પરભાવદયા,** પોતાના આત્માની જ્ઞાનાદિ ગુણુથી ઉન્નતિ કરવી–આત્માના સહજ રૂપમાં રમણુતા કરવી, તે **સ્વકીય ભાવદયા** કહેવાય છે અને અન્ય આત્માઓને તત્ત્વબોધ આપીને **સમ્યક્ત્વનો** લાભ આપવો તે **પરભાવદયા** કહેવાય છે. દ્રવ્યદયાના આશયભેદે અનેક ભેદો હોય છે. પોતાના પ્રાણોની રક્ષા કરવી તે **સ્વદ્રવ્યદયા** અને પરઆત્માઓના પ્રાણોની રક્ષા કરવી તે **પરદ્રવ્યદયા** જાણુવી. તેમજ દયાના બે ભેદ છે. **વ્યવહારદયા** અને **નિશ્ચયદયા,** સર્વ જીવોની અનેક બાહ્ય ઉપાયોથી દયા કરવી તે **વ્યવહારદયા** કહેવાય છે

ખરેખર પ્રાપ્ત કરી સર્વ કર્મનો ક્ષય કરી પરમપદ પ્રાપ્ત કરે છે. ભાવદયાના દ્રષ્ટાંતો મુનિ ગજસુકુમાલ સર્વ જીવો જાણવા.

દ્રવ્યદયાનું વર્ણન તો મહાત્માઓએ સ્થૂલ બુદ્ધિવાળાઓને બોધ થવા માટે અનેક શાસ્ત્રોમાં યુક્તિપૂર્વક કર્યું છે; દયાના સંબંધમાં શ્રીયોગશાસ્ત્રમાં નીચે પ્રમાણે સ્વરૂપ બતાવ્યું છે.

શ્લોક.

आत्मवत् सर्वभूतेषु, सुखे दुःखे प्रियाप्रिये.
चिन्तयन्नात्मनो निष्टां, हिंसामन्यस्य नाचरेत् ॥ १ ॥

સર્વ ભૂતમાં-સુખ દુઃખ, પ્રિય, અપ્રિયમાં આત્માની પેઠે સર્વમાં દેખતો ભવ્ય પ્રાણી અન્યની હિંસા કરે નહીં—

શ્લોક.

हिंसा विघ्नाय जायेत, विघ्नशान्त्यै कृतापि हि.
कुलाचारधियाप्येषा, कृता कुलविनाशिनी ॥ १ ॥
दमो देवगुरूपास्तिर्दानमध्ययनं तपः
सर्वमप्येतदफलं, हिंसां चेन्न परित्यजेत् ॥ २ ॥

વિઘ્નશાંતિ માટે કરેલી હિંસા પણ વિઘ્નમાટે થાય છે. આથી એમ ભવ્ય જીવોએ સમજવું કે જે લોકો, કોલેરા પ્લેગ વગેરે થાય છે ત્યારે દેવીના ભોગ માટે બકરાં પાડા વગેરેની હિંસા કરે છે પણ ખરેખર તે અણુલોકો ભૂલે છે. કૂલાચારની બુદ્ધિથી કરેલી હિંસા પણ કૂલનો નાશ કરનારી થાય છે. પાંચ ઇંદ્રિયોનું દમવું, દેવ ગુરૂની સેવા, સુપાત્રે દાન દેવું, ધર્મશાસ્ત્રનું ભણવું, તપશ્ચર્યા કરવી, ઇત્યાદિ સર્વ કરણી દયાવિના નિષ્ફળ છે. દયાવિના સર્વ ધર્મ કરણી નિષ્ફલ જાણવી. કેટલાક લોકો દયાને માટે ઉચ્ચવિચાર ધરાવતા નથી તે આત્માની ઉચ્ચ સ્થિતિ કરી શક્તા નથી. પંચાક્રમથી આવેલી હિંસાનો પણ ભવ્ય જીવોએ ત્યાગ કરવો જોઇએ. કહ્યું છે કે—

ત્યારે સુલસ કહેવા લાગ્યો કે, અરે માંસના લાલચુઓ,

સુલસનો ઉપદેશ.

પાપની બુદ્ધિથી કંઈ પણ સત્યાસત્યને
ચાર કરી શકતા નથી ? અરે ! તમે કેમ
કરી શકતા નથી. વંશપરંપરાથી કરવામાં
વેલી હિંસા પાપરૂપ ફળ આપ્યા વિના કદી રહેવાની
તમારા હિંસાના વિચારનું ફળ તમને મળ્યા વિના કદી રહે
નથી. ત્રણ કાલમાં પણ હિંસાથી ધર્મની ઉત્પત્તિ થઈ નથી.
જીવ જેવાં કર્મ કરે છે તેવાં તેઓ ફળ ભોગવે છે. હિંસાના કર
રા અનેક જીવો નરકમાં જાય છે અને જશે. આ પ્રમાણે સુલ
ઉપદેશ આપ્યો. સુલસ, જીવ દયા પાળી સુગતિ પામ્યો. તે પ્રમા
જે જીવો જીવદયા પાળે છે તે પણ સુગતિ પામે છે. પોતા
માંસ કોઈ ખાવા ધારે તો પોતાના મનમાં જેવું લાગે છે તેવું
અન્યજીવોને પણ લાગે છે. માંસના ભક્ષકોથી જગતમાં પાપન
વૃદ્ધિ થાય છે અને તેથી અનેક પ્રકારના રોગો ઉદ્ભવે છે. જે

હિંસાથી રોગોની ઉત્પત્તિ થાય છે.

દેશમાં પુષ્કળ જીવોની હિંસા કરવામાં આવે
છે ત્યાંના લોકો ઉપર અનેક પ્રકારનાં દુઃખનાં
વાદળાં તૂટી પડે છે. હિંસાથી અનેક કોલેરા
પ્લેગ વગેરે દુષ્ટ રોગો ફાટી નીકળે છે. જ્વા-
લામુખી પર્વતો ફાટવાથી દેશના દેશ અને નગર ગામો દટાઈ
જાય છે. જે લોકો હિંસાના ધંધા કરે છે તે અંતે માનસિક
ખરાબ સ્થિતિ ભોગવીને દુર્ગતિમાં અવતરે છે. હિંસાના કરનારા
જીવો આખી દુનિયામાં અશાંતિ ફેલાવે છે. જેમ એક તળાવમાં
કોઈ છોકરો જોરથી પત્થર ફેંકે છે તો આખા તળાવમાં તેથી
કુંડાળાં થાય છે તેમ કોઈ જોસભેર હિંસાના પરિણામથી હિંસા
કરે છે તો અનેક મનુષ્યો ઉપર હિંસાની અસર કરે છે. હિંસક

જેની હિંસા કરવા-માં આવે તે જીવો પણ હિંસકની સાથે વેર બાંધે છે.

જે જે પ્રાણીઓને મારી નાંખે છે તે તે જી-
વોની સાથે તે વેર બાંધે છે અને તેથી પરભ-
વમાં મરનારા જીવો અનેક પ્રકારે વેર વાળવા
પ્રયત્ન કરે છે. શ્રીવીરભગવાને પૂર્વ ભવોમાં
જે જે જીવોને તાડનાતર્જના કરી હતી તેવા
જીવોએ શ્રીવીરપ્રભુ સાથે વેર બાંધીને તેમને

હિંસાના શાસ્ત્રોના ઉપદેશવડે લોકોમાણસો ભરમાય છે. કેટલાકતો કહે છે કે પ્રભુએ પોતાની ઇચ્છાએ યજ્ઞના માટે પશુઓ બનાવ્યા છે અને યજ્ઞ, સ્વર્ગની પ્રાપ્તિ માટે થાય છે માટે યજ્ઞમાં વધ કરવામાં આવે છે તે અવધ છે એમ જે મનુષ્યો કહે છે તે ખરેખર અજ્ઞ છે. ઇશ્વરને જગત્ બનાવવાનું કંઇ પ્રયોજન નથી તેમજ યજ્ઞની પણ ઇશ્વરને જરૂર નથી તો યજ્ઞમાટે પશુઓ બનાવ્યા એમ કહેવું તે કલ્પનામાત્ર છે.

મધુપર્ક, યજ્ઞ, પિતૃ દૈવત કર્માદિ માટે પશુઓ બનાવ્યા છે એમ કહે છે પણ તે યોગ્ય નથી. કારણ કે જ્યારે ઇશ્વર કર્તા સિદ્ધ થતો નથી ત્યારે યજ્ઞના માટે પશુઓ બનાવ્યા એમ કહેવું તે કલ્પના માત્ર છે.

યજ્ઞાદિ માટે પશુ હિંસા કરનારા ઉત્તમગતિ પામે છે એમ કહેવું તે પણ અસત્યછે. ઇશ્વર કોઇ પણ જીવની હિંસા કરવા આજ્ઞા આપતો નથી. જે ક્રૂર કર્મિજનો હિંસાનો ઉપદેશ આપે છે તે અહો કઇ ગતિમાં જશે ? દેવતાને ભેટના છલથી જે મનુષ્યો પશુ પંખીઓનો નાશ કરે છે તેમની દુર્ગતિ થાય છે. મનુષ્યોને જેમ જીવવું વ્હાલું લાગે છે અને મરણથી કંપે છે તેમ પશુ પંખીઓને પણ જીવવું વ્હાલું લાગે છે અને તે મરણથી કંપે છે. મનુષ્યો જેમ મૃત્યુના ભયથી રૂદન કરે છે તેમ પશુ પંખીઓ પણ મરતી વખતે રૂદન કરે છે. પાપી પેટ ભરવાને માટે જે લોકો પ્રાણિયોની હિંસા કરે છે તે ખરેખર પોતાની પણ હિંસા કરે છે. અન્ય જીવોની લાગણી દુઃખવવાથી પણ પરિપૂર્ણ જીવદયા બનતી નથી. મન-વચન અને કાયાથી કોઇપણ જીવની હિંસા કરવી નહીં. તંદુલ મત્સ્યની પેઠે મનથી હિંસા કરતાં સાતમી નરકમાં જવાય છે. વાણીથી હિંસાનું વચન બોલતાં પાપ લાગે છે. કાયાથી હિંસા કરતાં પણ કર્મનો બંધ થાય છે. કેટલાક લોકો દયાધર્મને માનો કહીને નમે છે પણ મનમાં અનેકનું ભુંડું કરવારૂપ।

મન વચન અને કાયાથી હિંસાનો ત્યાગ કરવો જોઇએ.

જીવોનું ભલું આત્મજ્ઞાની કરી શકે છે. કારણ કે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ખરી દયાનું સ્વરૂપ સમજી શકે છે. સર્વ જીવોનું મન, વાણી અને કાયાથી ભલું કરી, સર્વ જીવો પરમસુખ પ્રાપ્ત કરો, સર્વ જીવોને પરમશાંતિ વર્તો; ઈત્યાદિ દયાની ભાવના પોતાના આત્માને પરમાત્મા બનાવે છે. જે પોતના આત્માને જ્ઞાનસમાધિથી ભાવે છે તે પરમાત્મા થાય છે અને તે સર્વ જીવોની પરમદયા કરે છે, એવી દયા સર્વ જીવોને પ્રાપ્ત થાઓ.

પ્રકરણ છઠ્ઠું.

સત્યરત્ન.

સત્યાન્નાસ્તિ પરો ધર્મઃ

સત્યથી અન્ય મોટો ધર્મ નથી. જગત્માં સત્યમાં સર્વનો સમાવેશ થાય છે. પ્રત્યેક મનુષ્યોને પુછીશું કે સત્ય તમને પ્રિય લાગે છે ? ત્યારે તે કહે કે હા અમને સત્યજ પ્રિય લાગે છે. આત્મા, જ્ઞાનથી સત્ય અને અસત્ય સમજી શકે છે. સર્વજ્ઞ થયા વિના સર્વથા પ્રકારે સત્ય સમજાતું નથી. મનુષ્યમાં જેટલા જેટલા અંશે જ્ઞાન હોય છે તેટલા અંશે તે સત્યને સમજી શકે છે. પ્રત્યેક મનુષ્યની ફરજ છે કે સત્ય સમજવું અને સત્ય બોલવું. સત્ય સમજ્યા વિના સત્ય ભાષણ થઈ શકતું નથી. સર્વજ્ઞના વચનાનુસારે ભાષણ કરતાં અસત્ય બોલી શકાતું નથી. સત્ય સમજવામાં પણ સર્વજ્ઞની વાણી અત્યંત ઉપયોગી છે. રાગદ્વેષરહિત વીતરાગદેવને અસત્ય કહેવાનું કંઈપણ પ્રયોજન નથી. સર્વજ્ઞનાં વચનને સમજવામાં મનુષ્યોની મતિ મુ[illegible] સર્વજ્ઞનો દોષ નથી પણ મતિની સ્થૂલતા એજ [illegible] જેમ જેમ સત્ય સમજવામાં આવે છે તેમ તેમ સત્ય તરીકે સ્વી[illegible] છે. દાખલાતરીકે જેમ કોઈ[illegible]નું જ્ઞાન થતાં [illegible] કહેશે પણ ઘટને [illegible]

જીવોનું ભલું આત્મજ્ઞાની કરી શકે છે. કારણ કે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ખરી દયાનું સ્વરૂપ સમજી શકે છે. સર્વ જીવોનું મન, વાણી અને કાયાથી ભલું કરી, સર્વ જીવો પરમસુખ પ્રાપ્ત કરો, સર્વ જીવોને પરમશાંતિ વર્તો, ઇત્યાદિ દયાની ભાવના પો તાના આત્માને પરમાત્મા બનાવે છે જે પોતાના આત્માને જ્ઞાનસમાધિથી ભાવે છે તે પરમાત્મા થાય છે અને તે સર્વ જીવોની પરમદયા કરે છે. એવી દયા સર્વ જીવોને પ્રાપ્ત થાઓ.

પ્રકરણ છઠું.

સત્યરત્ન.

सत्यान्नास्ति परो धर्मः

સત્યથી અન્ય મોટો ધર્મ નથી જગતમાં સત્યમાં સર્વનો સમાવેશ થાય છે. પ્રત્યેક મનુષ્યોને પુછીશું કે સત્ય તમને પ્રિય લાગે છે? ત્યારે તે કહે કે હા અમને સત્યજ પ્રિય લાગે છે. આત્મા, જ્ઞાનથી સત્ય અને અસત્ય સમજી શકે છે. સર્વજ્ઞ થયા વિના સર્વથા પ્રકારે સત્ય સમજાતું નથી. મનુષ્યમાં જેટલા જેટલા અંશે જ્ઞાન હોય છે તેટલા અંશે તે સત્યને સમજી શકે છે. પ્રત્યેક મનુષ્યની ફરજ છે કે સત્ય સમજવું અને સત્ય બોલવું. સત્ય સમજ્યા વિના સત્ય બોલણ થઇ શકતું નથી. સર્વજ્ઞના વચનાનુસારે બોલણ કરતાં અસત્ય બોલી શકાતું નથી. સત્ય સમજવામાં પણ સર્વજ્ઞની વાણી અત્યંત ઉપયોગી છે. રાગદ્વેષરહિત વીતરાગદેવને અસત્ય કહેવાનું કંઇપણ પ્રયોજન નથી. સર્વજ્ઞનાં વચનને સમજવામાં મનુષ્યોની મતિ મુંઝાય તો તેથી સર્વજ્ઞનો દોષ નથી પણ મતિની સ્થૂલતા ચોક્ક દોષ જાણવો. જેમ જેમ સત્ય સમજવામાં આવે છે તેમ તેમ મનુષ્ય સત્યને સત્ય તરીકે સ્વીકારે છે. દાખલાતરીકે જેમ કોઈ મનુષ્યને ઘટનું જ્ઞાન થતાં ઘટને ઘટજ કહેશે પણ ઘટને પટ કહેવાનો ન-

लोकेऽपि भूयते यस्मात् कौशिको नरकं गतः ॥ ३ ॥
प्रियं पथ्यं वचस्तथ्यं सुनृतं व्रतमुच्यते
तत्तथ्यमपि नो तथ्यमप्रियं चाहितं च यत् ॥ ४ ॥

જ્ઞાન અને ચરિત્રનું મૂળ સત્ય છે. તેને જે બોલે છે તેઓની ચરણધૂળથી પૃથ્વી પવિત્ર કરાય છે. સત્ય મતરૂપ મહાધનને ધારણ કરનારા મહાત્માઓ જુઠું બોલતા નથી. અને તેથી ભૂત પ્રેત પિશાચ પણ તેઓનો અપરાધ કરવા સમર્થ થતા નથી. પરને પીડા કરનાર સત્ય વચન પણ જ્ઞાની બોલે નહીં. કારણ કે સત્ય વચન પણ પરનો નાશ કરનાર એવું બોલવાથી કૌશિક તાપસ નરકમાં ગયો. પ્રિય, પથ્ય અને તથ્ય વચન બોલવું તે સત્યવ્રત કહેવાય છે. અપ્રિય અને અહિત બોલવું તે સત્ય હોય તોપણ અસત્ય કહેવાય છે. કાણાને કાણો કહેવો, વ્યભિચારીને વ્યભિચારી કહેવો તે પણ સત્ય વચન છે, કિંતુ તેની લાગણી દુઃખાય માટે પરિણામે અસત્ય વચન કહેવાય છે. સત્યવ્રત અંગીકાર કરેલું હોય છે, એવા સાધુઓ તથા ગૃહસ્થો અન્યના આત્માની લાગણી દુઃખાય એવાં સત્ય વચન બોલવાં છતાં પણ પરિણામે અસત્ય વચન બોલે છે. કોઈ પણ જીવની લાગણી દુઃખાય એવું વચન બોલવું તે અસત્ય વચન છે. આમ જ્યારે સમજવામાં આવે છે તો ભવ્યજીવોએ શા માટે અસત્ય વચન બોલવું જોઈએ ! અસત્ય બોલવાથી અન્યજીવોની હિંસા થાય છે. ક્રોધ, માન, માયા અને લોભાદિ પરિણામના યોગે સત્ય વચન પણ અસત્યરૂપ પરિણામે થાય છે. જે જે સમયે કંઈ પણ ભાષણ કરવું હોય ત્યારે વિચારીને કરવું જોઈએ કે જેથી અસત્ય વચન કહી શકાય નહીં. અસત્ય બોલનાર, પોતાના આત્માને અધઃસ્થિતિમાં મૂકે છે. સત્ય બોલનાર આત્મા, પોતાના આત્માને ઉચ્ચ કોટી ઉપર મૂકે છે. અને તેથી અન્ય ઉપર ઉપકારની વૃષ્ટિ કરી આત્મા. જીવન સુખમય કરે

અસત્ય બોલવાથી કેટલી હાનિ થાય છે

સમૂહથી તેના ઉપરથી પ્રતીતિ ઉઠી જાય છે. કદી તે સત્ય વચન બોલે છે તોપણ લોકો તેનો વિશ્વાસ રાખતા નથી. અસત્યવક્તા પોતાના આત્માને પણ છેતરે છે અને અન્યના આત્માને પણ છેતરે છે. અસત્ય બોલવાથી કોઈ પણ ધર્મની ઉત્પત્તિ દેખાતી નથી. અહો! આ જગત્માં અસત્ય જે પુરૂષો બોલતા નથી તેને ધન્યવાદ ઘટે છે. જે પુરૂષો સત્ય બોલે છે તે જગત્ને ઉચ્ચ કરવામાં મહામહેનત કરે છે. જે જીવો સત્ય બોલે છે તેજ તેનું ખરેખર ઉચ્ચ ચરિત્ર છે. સત્ય વચન બોલનારની તીવ્ર વૃત્તિ એવી હોય કે તેના પ્રતિ સર્વ જીવોનું આકર્ષણ થાય છે. જ્યાં ત્યાં હાલ પણ સત્ય બોલનારની પ્રતિષ્ઠા જામી રહી છે. યોગપાતંજલ દર્શનમાં લખ્યું છે કે, જે યોગી સત્યવ્રતને સાધે છે તે પુરૂષને વચન સિદ્ધિ ઉત્પન્ન થાય છે અને તેથી જે બોલે છે તે પ્રમાણે સર્વ થાય છે. ધન્ના શેઠની પાંચશેરી સત્ય બોલવાથી પાછી પોતાને ઘેર આવી. તેમ જે સત્ય બોલે છે તેની પાસે સર્વ સંપદાઓ આવે છે.

સત્યભાષા શું છે તેનો સિદ્ધાંતાનુસાર નિર્ણય કરવામાં આવે છે. જે ભાષાનું સ્વરૂપ જાણતો નથી તે કહેને મૌન રહે તોપણ તે મૌની નથી. તે સંબંધી સિદ્ધાંતમાં કહ્યું છે કે—

वयण विभत्ति अ कुसलो वओगयं बहुविहं अयाणंतो
जइवि न भासइ किंची नचेववयगुत्तयं पत्तोति ॥ १ ॥

જો બોલનારને આપણું કરતાં દોષ લાગે તો મૌન રહેવું જોઇએ, આ વાક્યના ઉત્તરમાં આચાર્ય કહે છે કે—મૌન કરતાં પણ દોષ છે અને વિશુદ્ધિવડે લાંબા વખત સુધી બોલતો છતાં પણ ધર્મ, દાન, ઉપદેશ આદિથી શુભજ છે. કહ્યું છે કે—

वयण विभत्ति कुसलो, वओगयं बहुविहं वियाणंतो
दिवसंपि भासमाणो, तहावि वयगुत्तयं पत्तोति ॥ २ ॥

બહુ હોય છે, તેથી અન્ય દ્રવ્યથી વાસિત થવાથી અનંતગુણ વૃદ્ધિયુક્ત હોય છે અને તે છ દિશામાં લોકાન્ત વ્યાપ્ત થાય છે. અભિન્ન ભાષા દ્રવ્ય છે, તે સંખ્યાતા યોજન જઈ શબ્દ પરિણામનો ત્યાગ કરે છે.

ભાષા દ્રવ્યનો અવયવવિભાગ પાંચ પ્રકારનો છે—૧ ખંડભેદ, ૨ પ્રતરભેદ, ૩ ચૂર્ણિકાભેદ, ૪ અનુતટિકા અને. ૫ ઉત્કારિકા ભેદ છે. એ પંચ પ્રકારના ભેદ પણ પશ્ચાનુપૂર્વીએ અનંત અનંતગુણ અધિકારી જાણવાં.

તાલ્વાદિ પ્રયત્ન વિશેષથી ઉચ્ચરિત તનુ દ્રવ્યોવડે તત્પ્રાયોગ્ય વાસના યોગ્ય દ્રવ્યોનો પરાઘાત થાય છે. દ્રવ્ય ભાષાને ઉપયોગપૂર્વક મૂકવાથી ભાવભાષાત્વ કહેવાય છે. ઉપયોગપૂર્વક મૂકાય છે તે ભાવ, અને ઉપયોગવિના મૂકાય છે તે દ્રવ્યભાષા જાણવી. હવે ભાવભાષાના ભાષાભેદ છે.

भासेवि होइ तिविहा दव्वे अ सुए तहा चरित्ते य
दव्वे चउहा सच्चा मोसा मीसा असच्चमोसा ॥ १९ ॥

ભાવનિક્ષેપમાં પણ ત્રણ પ્રકારની ભાષા છે. દ્રવ્યમાં, શ્રુતિમાં અને ચારિત્રમાં. અર્થાત્ દ્રવ્ય, શ્રુત અને ચારિત્રઆશ્રી ત્રણ પ્રકારની ભાષા છે. દ્રવ્યઆશ્રી પણ ભાષાના ચાર ભેદ પડે છે. **૧ સત્યભાષા ૨ અસત્યભાષા ૩ મિશ્ર અને ૪ અસત્યામૃષા.**

અવધારણ શક્ય પ્રથમ બે ભાષા છે, તેથી તે પર્યાપ્તિ કહેવાય છે. છેલ્લી બે અપર્યાપ્તિ કહેવાય છે. વ્યવહારનયથી ચાર પ્રકારની ભાષા જાણવી અને નિશ્ચયનયથી સત્ય અને અસત્ય એ બે પ્રકારની ભાષા જાણવી. નિશ્ચયનયથી છેલ્લી બે ભાષા છે, તેનો આદ્યની બે ભાષામાં સમાવેશ થાય છે. આરાધનાની અપેક્ષાએ ચતુર્વિધ વિભાગમાં પરિભાષા જ છે. નિશ્ચયથી તો આરાધક અને અનારાધકની અપેક્ષાએ બે પ્રકારની ભાષા છે.

[illegible] એવા શુભ અને
[illegible] છે ભાષાનું
[illegible] બોલતાં
[illegible] તત્પરતા-
[illegible] છે
[illegible]
[illegible] ઉપમન્ય,
[illegible]
[illegible] છે, તે
[illegible] ગ્રહણ
[illegible] ઠેકાણું
[illegible] ઞનતનું
[illegible] સ્થાપના-
[illegible] તે
[illegible] ઉપચાર
[illegible] ફગની
[illegible] છે
[illegible] નયમાની
[illegible] જાણવી.
[illegible] કન્યા
[illegible] રહેવું
[illegible] ભાજનમાં
[illegible] છે, માટે
[illegible] કહેલી
[illegible] નિ-
[illegible] જાણવા.
[illegible] ભાવ
[illegible] કુંડલ

અને દંડને ઉપચાર કરી છત્રી કુંડલી દંડી વગેરે કહેવાય છે. ઉપમાથી જે વસ્તુ કહેવાય છે તે ઉપમા સત્ય ભાષા જાણવી— ચંદ્રમુખી સ્ત્રી. સિંહસમાન પુરૂષ: ઇત્યાદિ ઔપમ્ય સત્યના ભેદો જાણવા.

અસત્ય ભાષા

દ્રવ્ય, ક્ષેત્ર, કાલ. ભાવથી અસત્યભાષા ચાર પ્રકારની કહેવાય છે. દ્રવ્યથી સર્વ દ્રવ્યસંબંધી અસત્ય બોલવું. ક્ષેત્રથી લોક અને અલોકમાં. કાલથી દિવસ અને રાત્રી સંબંધીમાં. ભાવથી ક્રોધાદિ સંબંધમાં: દ્રવ્ય અને ભાવનાસંયોગમાં ચતુર્ભંગી જાણવી. કેટલાક દ્રવ્યથી જૂઠું બોલે છે પણ ભાવથી જૂઠું બોલતા નથી. જેમ કોઇ શિકારી કોઇ દયાળુને પૂછે કે તેં અત્રથી જતાં મૃગલાં દીઠાં, ત્યારે તે ના કહે, આમાં ન દીઠાં એમ કરતાં દ્રવ્યથી જૂઠું બોલાયું, પણ પરિણામ શુભ છે. માટે ભાવથી જૂઠું ન બોલાયું એમ સમજવું.

કેટલાક ભાવથી જૂઠું બોલે છે પણ દ્રવ્યથી જૂઠું બોલતા નથી, કેટલાક દ્રવ્યથી અને ભાવથી મૃષાવાદ બોલતા નથી. ક્રોધ, માન, માયા, લોભ, પ્રેમ, દ્વેષ, હાસ્ય, ભય. આખ્યાયિકા, ઉપઘાત પરિણામ એ દશ પ્રકારે અસત્યભાષા જાણવી. ક્રોધાદિ પરિણામથી કષાય મોહિક કર્મ બંધાય છે માટે તત્ સંબંધી ભાષાને પણ અસત્ય ભાષા કહે છે. એ દશ પ્રકારની અસત્ય ભાષા પણ પ્રશસ્ત પરિણામના યોગવડે સત્યભાષા છે. જૈન ધર્મ ઉપર દ્વેષ અને મોહથી જે ભાષા બોલવામાં આવે છે તે અસત્ય ભાષા છે. તેમાં દશ પ્રકારની ભાષાનો અંતર્ભાવ થાય છે, તોપણ દશ પ્રકારે વિભાગ અનાદિ સંસિદ્ધ છે તેથી ભેદ પાડયો છે.

સત્યામૃષાભાષા ત્રીજીના દશ ભેદ છે.

૧ ઉત્પન્નમિશ્રિતા—કોઇ સ્થાનમાં પંચ છોકરાં જન્મ્યાં અને કહેવું કે દશ છોકરાં ઉત્પન્ન થયાં છે.

પ્રથમ પ્રહર વર્તતાં છતાં કહેવું કે ચાલ ચાલ મધ્યાન્હ થયો.

હવે ચોથી અસત્યામૃષાના ભેદો કહે છે

અસત્યામૃષાભાષા બાર પ્રકારની છે ૧ આમંત્રણી ૨ આજ્ઞાપની ૩ યાચની ૪ પૃચ્છની ૫ પ્રજ્ઞાપની ૬ પ્રત્યાખ્યાની ૭ ઈચ્છાનુલોમા ૮ અનભિગૃહીતા ૯ અભિગૃહીતા ૧૦ સંશયકરણી ૧૧ વ્યાકૃતા ૧૨ અવ્યાકૃતા.

દેવતા, નારક અને મનુષ્યોને સત્યાદિ ચારપ્રકારની ભાષા હોય છે. વિકલેન્દ્રિય જીવોને ચોથી અસત્યામૃષા હોય છે.

શ્રુતવિષયક ભાષાભાષા ત્રણ પ્રકારની છે. સત્ય, અસત્ય અને અસત્યામૃષા. સમ્યગ્ ઉપયોગીને આગમાનુસારે બોલતાં વિશુદ્ધાશયપણાથી સત્ય ભાષા હોય છે. સમ્યગ્દૃષ્ટિ શ્રુતવિષયક સત્યભાષા બોલી શકે છે. અનુપયોગપણાથી સમ્યગ્દૃષ્ટિને બોલતાં અસત્ય ભાવ મૃષા ભાષા કહેવાય છે. મિથ્યાત્વીજીવને તો ઉપયોગથી બોલતાં વા અનુપયોગથી બોલતાં સર્વ શ્રુતવિષયક અસત્યભાષા જાણવી, ઉન્મત્ત વચનની પેઠે જાણવી.

શ્રુતજ્ઞાનના સૂત્રોનું પરાવર્તન કરતાં ઉપયોગપણે જે બોલે છે તેને અસત્યામૃષા ભાષા હોય છે. સૂત્રમાં પણ કરી આમંત્રણી આદિરૂપ અસત્યા મૃષાભાષા હોય છે. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલ જ્ઞાનમાં ઉપયુક્ત થએલો જે બોલે છે તેપણ ભાષા, અસત્યામૃષા કહેવાય છે. આમંત્રણીવત્ જાણવું. શ્રુતભાષાભાષાનું કથન કર્યું

હવે ચારિત્ર સંબંધી ભાષાભાષા કહે છે.

જે ભાષા બોલતાં ચારિત્રની વિશુદ્ધિ થાય તે ચારિત્ર સંબંધી સત્યભાષા જાણવી. જે ભાષા બોલતાં ચારિત્ર ન રહે તે અસત્યભાષા જાણવી. તે તે ભાષાઓ ચારિત્રમાં ભાવ આશ્રયી જાણવી, કલ્પાદિક અન્યજનોને પણ ભાષાનો સંભવ છે. કલ્પથી સાધુને સત્ય અને સત્યામૃષાભાષા બોલવાની અનુજ્ઞા છે

કૃદ્ધિ પ્રાપ્ત કરશો. તમારા આત્માને લાગેલાં કર્મ ખરી જશે. બાળકો, પુરૂષો તથા સ્ત્રીઓએ દુનિયામાં અનેક જાતની પ્રવૃત્તિ કરતાં સત્ય સંભાષણ કરવું. પ્રતિદિન સત્ય સંભાષણની પ્રવૃત્તિથી સર્વ કાલમાં સર્વ દેશની સર્વ બાબતમાં ઉન્નતિ થાય છે. સત્યના માટે તમે વાંચશો એટલે હૃદયમાં કંઇક અસર થશે. સત્ય બોલવાની ઇચ્છા થશે, પણ પશ્ચાત્ ભૂલી જવાના ! માટે એક ટેકથી સત્ય બોલવાની સ્મૃતિ રાખી સત્યજ બોલશો. સત્ય બોલવાથી તમારૂં વર્તન દેખી, લાખો મનુષ્યોને સત્યની રૂચિ થશે, અને તેથી સ્વપર માટે સુખના માર્ગ ખુલ્લા કરી, અંતે પરમ સહજ સુખ પ્રાપ્ત કરશો.

પ્રકરણ ૭ મું.

अस्तेय.

(ચોરીનો ત્યાગ.)

ચોરી કરવી નહીં. એમ મહાત્માઓ સદુપદેશ આપે છે. તેની અંદર ગુપ્ત રહસ્ય સમાયલ છે. જૈન શાસ્ત્ર, વેદાન્ત શાસ્ત્ર, આદિ જે જે દુનિયામાં મોટા મોટા ધર્મો છે.તેની દૃષ્ટિએ ધર્મ માલુમ પડે છે, તેમાં ચોરીનો ખાસ ત્યાગ કરવા ફરમાવ્યું છે. ચોરીનો ત્યાગ કરવો એ મહાવ્રત ગણાય છે

ચોરી કરવાથી પોતાને અને પરને શાન્તિ મળતી નથી.

જે રૂપે. ચોરી કરે છે તેઓ પરપ્રાણના પ્રાણનો નાશ કરે છે. ચોરી કરવાથી અનેક ઘોર કુકર્મ થાય છે. ચોરી કરવાથી આ ભવમાં અને પરભવમાં અનેક પ્રકારના દુઃખ ભોગવવાં પડે છે. ચોરી કરનારને મનુષ્યો ચોર કહી બોલાવે છે. ચોરની મનવાણી અને કાયામાં શાંતિ ભાસતી નથી. ચોરી કરનાર પ્રમાણિક ગણી શકાતો નથી. તેમજ ચોરી કરનાર અનેક પ્રાણિઓની હત્યા અને આપઘાતને વિશે કરે છે. ચોરી કરનાર અધિકારી પણ બને છે. ચોરી કરનારનો કોઈ વિશ્વાસ રાખતું નથી. ચોરી કર-

ચોર અંતે મરીને દુર્ગતિમાં જાય છે.

તેમ ચોર પણ પાપ કર્મ કરી અંતે નીચ ગતિમાં જન્મ લે છે, અને ત્યાંઅનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે. ચોરી કરનારનો આત્મા બહુ મલીન બને છે. તેથી તેને ધર્મનો વિચાર થતો નથી. પરભવ વા દુર્ગતિમાં ગએલા જીવો રૌરવ દુઃખો ભોગવે છે.

ચોરી કરતાં ચોરના આત્માનું ધન લૂંટાય છે.

ચોરી કરતાં ચોરના આત્માનું ધન લૂંટાય છે. ચોરના ઘરની પણ ચોરી કરનાર દુર્ગુણો રૂપી ચોરો છે. ચોરના મનમાં જે જે ખરાબ વિચારો થાય છે તે ખરાબ વિચારો પોતે ચોરના આત્માની જ્ઞાન દર્શનચારિત્રરૂપી રૂદ્ધિને લૂટે છે. ચોરના આત્મામાં જે જે સદ્ગુણો હોય છે, તે સર્વનો નાશ કરનારા દુર્ગુણોરૂપ ચોરોના પ્રતિ ચોર જોઇ શકતો નથી. ચોર અન્યની ચોરી કરે છે એમ પોતે માને છે, પણ ખરેખર તે છેતરાય છે. ક્રોધ, માન, માયા, લોભ, હિંસા, અને સ્વાર્થ આદિ દુર્ગુણો રૂપ ચોરો જેવો જાણ્યા નથી. તે અન્યનું ધન વાપરવા ઇચ્છે છે, પણ જે સમજે છે તે આવી પાપ વૃત્તિને મનમાં ધારતો નથી.

ચોર પોતાને સાહુકાર જણાવવા બહુ યત્ન કરે છે, પણ અંતે પાપનો ઘડો ફૂટે છે.

છાબડીએ કરી સૂર્ય ઢંકાતો નથી. પરાગમાં ઢાંકવાથી ચોહડી છાની રહેતી નથી. તરણું આડું ધરવાથી ચંદ્રનો પ્રકાશ ઢંકાતો નથી. તેમ ચોરી કરનાર પણ અંતે ચોર તરીકે ઓળખાય છે. પાપને પગ નથી પણ તે છાપરે ચઢીને બોલે છે. ગમે તેવા ચોરીના કરનારાઓ પણ અંતે પકડાય છે, અને તેઓને અનેક દુઃખો પડેલાં સાંભળીએ છીએ. આપણી આંખે પણ ચોરોને અનેક પ્રકારનાં દુઃખ થાય છે, તે જોવામાં આવે છે. ચોરનારની ચાર આંખો છે પણ પકડનારી પાંચ આંખો છે. ગમે ત્યાં જાઓ પણ અંતે

ચોર અંતે મરીને દુર્ગતિમાં જાય છે.

તેમ ચોર પણ પાપ કર્મ કરી અંતે નીચ ગતિમાં જન્મ લે છે, અને ત્યાં અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે. ચોરી કરનારનો આત્મા બહુ મલીન બને છે. તેથી તેને ધર્મનો વિચાર થતો નથી. પરભવ વા દુર્ગતિમાં ગએલા જીવો રૌરવ દુઃખો ભોગવે છે.

ચોરી કરતાં ચોરના આત્માનું ધન લુંટાય છે.

ચોરી કરતાં ચોરના આત્માનું ધન લૂંટાય છે. ચોરના ઘરની પણ ચોરી કરનાર દુર્ગુણો રૂપી ચોરો છે. ચોરના મનમાં જે જે ખરાબ વિચારો થાય છે તે ખરાબ વિચારો પોતે ચોરના આત્માની જ્ઞાન દર્શન ચારિત્રરૂપી રૂદ્ધિને લુંટે છે. ચોરના આત્મામાં જે જે સદ્ગુણો હોય છે, તે સર્વનો નાશ કરનારા દુર્ગુણોરૂપ ચોરોના પ્રતિ ચોર જોઈ શકતો નથી. ચોર અન્યની ચોરી કરે છે એમ પોતે માને છે, પણ ખરેખર તે છેતરાય છે. ક્રોધ, માન, માયા, લોભ, હિંસા, અને સ્વાર્થ આદિ દુર્ગુણો રૂપ ચોરો જેવું જાણવા નથી. તે અન્યનું ધન વાપરવા ઇચ્છે છે, પણ જે સમજે છે તે આવી પાપ વૃત્તિને મનમાં ધારતો નથી.

ચોર પોતાને ચાતુર જણાવવા યત્ન કરે છે, પણ અંતે પાપનો ઘડો ફુટે છે.

છાબડીએ કરી સૂર્ય ઢંકાતો નથી. પડદામાં ઢાંકવાથી ગેહલી છાની રહેતી નથી. તરણું આડું ધરવાથી ચંદ્રનો પ્રકાશ ઢંકાતો નથી, તેમ ચોરી કરનાર પણ અંતે ચોર તરીકે ઓળખાય છે. પાપને પગ નથી પણ તે છાપરે ચઢીને બોલે છે. અને તેવા ચોરીના કરનારાઓ પણ અંતે પકડાય છે, અને તેઓને અનેક દુઃખો પડેલાં સાંભળીએ છીએ. આપણી આંખે પણ ચોરોને અનેક પ્રકારનાં દુઃખ થાય છે, તે જોવામાં આવે છે. ચોરનારની ચાર આંખો છે પણ પકડનારની પાંચ આંખો છે. અને ત્યાં અલ્પે પણ અંતે

વાની ટેવ હોય છે, તેના પુત્રોમાં ચોરી કરવાની ટેવ નાનપણથી પ્રાયઃ પડે છે. તેમજ જેના સોબતીઓમાં ચોરી કરવાની ટેવ હોય છે, તેનામાં પણ ચોરી કરવાની ટેવ પડે છે. પૂર્વભવમાં જેણે ચોરવૃત્તિનું વિશેષતઃ સેવન કરેલું હોય છે, તેને આ ભવમાં ચોરી કરવાની સહેજે ટેવ પડે છે. જે લોકો અજ્ઞાન દશામાં હોય છે તે દ્રવ્યથી અને ભાવથી ચોરી કરે છે. ચોરી કરવાથી મનોવૃત્તિ પાપમાંજ ઘસડાતી જાય છે. જ્યારે ત્યારે પણ ચોરી કરનાર દુઃખજ પામે છે. નાડેલાનું ધન લેઈ લેવું તે પણ એક જાતની ચોરી છે.

ચોરીના ભેદ.

તેમજ કોઇનું ધન ભૂલમાંથી પડેલું હોય તેને લેઈ લેવું અને મનમાં એમ વિચારવું કે હું ક્યાં ચોરી કરવા ગયો હતો. સહેજે ધન મળ્યું છે તે પણ ચોરીજ છે. કોઇનું ધન વિસરી ગએલું લેઈ લેવું તે પણ ચોરી છે. જૂઠી સાક્ષી પુરીને કોઇનું ધન લેઈ લેવું તે પણ ચોરી છે. કોઇએ વિશ્વાસુ જાણીને પોતાના ઘેર થાપણ મૂકી હોય તેને પચાવવી લે પણ એક જાતની ચોરી છે. ધણીને છેતરી દાણ ન આપવું તે પણ એક જાતની ચોરી છે. કોઇની દીધા વિના વસ્તુ લેઈ લેવાથી સામા મનુષ્યના હૃદયમાં ધાસકો પડે છે. તેનો આત્મા કલ્પાંત કરે છે. ધન એ અગિયારમો પ્રાણ છે, તેને લેઈ લેવાથી અન્યના આત્માનો નાશ કર્યો કહેવાય છે. 'કૂડે તોલે કૂડે' પણ અન્યાયથી ચોરી કરાય છે, ચોરો ચોરી કરીને જે વસ્તુ લાવ્યા હોય તે વસ્તુને ખરીદનાર પણ ચોરી કરનાર જાણવો. સાકર, ખાંડના જેવી અન્ય વસ્તુનો પણ અન્ય વસ્તુમાં ભેળ કરીને જે વ્યાપાર કરે છે તેને પણ ચોરીનો દોષ છે. રાજ્ય વિરૂદ્ધ વ્યાપાર કરવાથી પણ ચોરીનો દોષ લાગે છે. જે સમયમાં જે રાજા હોય તેણે કોઈ વસ્તુનો નિષેધ કર્યો હોય તેને લેવાથી વેચવાથી પણ ચોરીનો દોષ લાગે છે. પરદેશ્યા

આત્મબળથી ચોરીની ટેવ ત્યાગી અનેક પુરુષો સુખ પામ્યા.

ગમે તેવી પણ ચોરીની ટેવનો નાશ કરવો હોય તો આત્મબળથી તે થઇ શકે છે. આત્મબળથી ચોરીની ટેવ વારવામાં પ્રયત્ન કરવો જોઇએ. ચોરી નહિ કરવી તેમાં જરા માત્ર પણ મહેનત પડતી નથી. આત્મા જે જે ધારે છે તે તે કરી શકે છે. કેટલાક બાયલા જેવા બનીને કહે છે કે ચોરીની ટેવ હવે ત્યાગી શકાય નહીં, પણ આમ તેમનું ધારવું અત્યંત ભૂલ ભરેલું છે. અનેક સ્ત્રી પુરૂષો ચોરીનો ત્યાગ કરી મુક્તિપદ પામ્યા અને પામશે. ચોરીનો ત્યાગ કરવાથી પાપ બુદ્ધિનો નાશ થાય છે. તેથી સુબુદ્ધિ ઉત્પન્ન થાય છે. અને સુબુદ્ધિના યોગે આત્મા ઉત્તમ સુખ પામે છે. માટે મનમાં દૃઢ સંકલ્પ કરીને ચિંતવવું કે આજથી હું પ્રાણાંતે પણ ચોરી નહિ કરૂં.

ચોરી નહિ કરવાની પ્રતિજ્ઞા.

" અનેક પ્રકારનાં વિઘ્ન આવે છે તો પણ હું પાછો નહિ હઠું, ચોરી નહિ કરવી તેજ મારો ધર્મ છે. આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી સદાકાળ દરેક કાર્યમાં પ્રવૃત્તિ કરવી, કોઇ પણ પ્રસંગે લોભાદિક યોગે ચોરી કરવાની બુદ્ધિ થાય તો તેને વારવી. તેજ પ્રસંગે સારા વિચારો કરવા, સારા વિચારોનું જોર થવાથી અંતે નઠારા વિચારોનો નાશ થાય છે. ચોરીની ખરાબ ટેવનો અંતે સર્વથા નાશ થાય છે. રોહિણેય ચોરે ચોરીનો ત્યાગ કરી શિવપદ લીધું.

રોહિણેય ચોરે ચોરીનો ત્યાગ કરી શિવપદ લીધું.

રોહિણેય ચોરના સમાન કોઈ ચોરી કરનાર નહોતો. પણ અંતે ચોરીનો ત્યાગ કર્યો તો સુખિયો થયો. શ્રી વીર પ્રભુની વાણી સાંભળી તે દુઃખના ફંદમાંથી નીકળી ગયો. અનેક શાસ્ત્રોમાં અનેક દૃષ્ટાંતો છે. ચોરી નહિ કરવાની શુભ વૃત્તિમાં સદાકાળ રાચી માચી રહેવું. મન, વચન કાયાથી ચોરી કરવી નહિ, કરાવવી

અને લઈ શકતા નથી. બ્રહ્મચર્ય પાળવામાં ધર્મ છે અને મૈથુન સેવવામાં અનેક પ્રકારના દોષો છે. મૈથુનમાં અનેક પ્રકારના દોષો જણવામાં આવે છે, ત્યારે બ્રહ્મચર્ય પાળવામાં આવે છે.

શ્લોક

कम्पः स्वेदः श्रमो मूर्च्छा—भ्रमिर्ग्लानिर्बलक्षयः
राजयक्ष्मादिरोगाश्च—भवेयुर्मैथुनोत्थिताः ॥ १ ॥

કંપ, પસીનો, થાક, મૂર્ચ્છા, શ્રમ, શરીરની નિસ્તેજ અવસ્થા, બળનો ક્ષય, અને ક્ષય રોગઆદિ અનેક પ્રકારના રોગો મૈથુન સેવવાથી પેદા થાય છે. મોટો બળવાન્ યોધ્ધો પણ મૈથુન સેવવાથી નિર્બળ બને છે; ચાંદિ અને પ્રમેહના રોગો પણ મૈથુન સેવવાથી થાય છે. વિદ્યાર્થીઓ કે જે સ્ત્રીની સાથે મૈથુન સેવે છે તેઓ કોલેજોમાં અભ્યાસ કરે છે પણ તેમનું મગજ બગડી જવાથી બરાબર અભ્યાસ કરી શકતા નથી. પ્રાયઃ મૈથુન વિશેષ સેવવાથી ચક્ષુનું તેજ ઘટે છે અને તેથી ચશ્માં રાખવાં પડે છે. ચક્ષુનું તેજ ઘટવાનાં અનેક કારણો છે તેમાંથી આ પણ એક કારણ છે. બાળવયમાં છોકરાઓ કુમિત્રની સોબત પામી વેશ્યા તથા પરસ્ત્રીઓની સોબત કરે છે, તેમાં તેમના શરીરની ખરાબી થાય છે. જ્યારે તેઓને રોગ થાય છે ત્યારે દાક્તર અને વૈદ્યોનાં ખીસ્સાં ભરાય છે, અને જગતમાં અપકીર્તિ થાય છે, કેટલાક પરમીયાના રોગથી અને ચાંદીના રોગથી પીડાય છે તેમાં મૈથુન દોષજ મુખ્યતાએ હેતુભૂત જણાય છે. કેટલાંક નાનાં બાળકોને તેર ચૌદ વર્ષની ઉમરે પરણાવવામાં આવે છે તેમાંથી કેટલાકને ક્ષય રોગ લાગુ પડયા છે અને તે મરણ પામ્યા છે, માબાપો લ્હાવથી બાળકોને પરણાવે છે પણ અંતે તેમાંથી સારૂં પરિણામ નથી આવતું, ત્યારે માબાપ પશ્ચાત્તાપ કરે છે. બાળલગ્નથી શરીરની તંદુરસ્તી રહેતી નથી. મગજ ઘડી ઘડીમાં તપી જાય છે. વિદ્યાભ્યાસ પડતો મૂકવો પડે છે. આમ મનુષ્યો જાણે છે છતાં શામાટે બાળલગ્નરૂપ હોમમાં પોતાનાં પુત્ર અને પુત્રી-

જે પુરૂષ સ્ત્રીના સંભોગથી કામજ્વરનો ઉપાય ઇચ્છે છે, તે પુરૂષ અગ્નિમાં ઘી હોમીને તેને ઠારવાની ઇચ્છા કરે છે. કારણ કે કામજ્વરની શાંતિ માટે તો વૈરાગ્ય ભાવના અને ધર્મશાસ્ત્રોનું શ્રવણ, વાચન અને મનન ઉપયોગી છે અને મૈથુન તો ભવભ્રમણ હેતુ છે, તે દર્શાવે છે.

શ્લોક

वरं ज्वलदयःस्तंभपरिरंभो विधीयते
न पुनर्नरकद्वारं, रामाजघनसेवनम् ॥ १ ॥

બળતા લોખંડના સ્તંભને આલિંગન કરવું ઉત્તમ છે પણ નરકનાં દ્વારરૂપ સ્ત્રીનું જઘન સેવવું ઉત્તમ નથી. પોતાની સ્ત્રીની સાથે પણ હમેશ આસક્ત થવું યોગ્ય નથી, ત્યારે પરસ્ત્રીની સાથે તો કેમ મૈથુન સેવી શકાય? પરસ્ત્રીમાં આસક્ત થએલાને શિખામણ આપે છે.

શ્લોક

भीतोगाकुलचित्तस्य दुःस्थितस्य परस्त्रियाम्
रतिर्न युज्यते कर्तुमुपशूनं पशोरिव ॥

પરસ્ત્રીની સાથે પ્રેમરતિ કરવી તે યોગ્ય નથી, કારણ કે તેથી તેણીના પતિ અને રાજાની બીક લાગે છે. આ મને જોઇ ગયો, આ મને જાણશે, ઇત્યાદિક ભયથી ચિત્ત વ્યાકુલ વ્યાકુલ થાય છે. વળી તે કાર્ય માટે અપવિત્ર સ્થાનમાં શય્યા કે આસન વિના સુવું બેસવું પડે છે અને તેથી કતલની નજીકમાં વધ કરવા લાયક પશુ સરખો થાય છે. હવે વિશેષતઃ પરસ્ત્રીગમનનું નિવારણ કરવા માટે કહે છે.

શ્લોક

प्राणसंदेहजननं परमं वैरकारणम्
लोकद्वयविरुद्धं च परस्त्रीगमनं त्यजेत् ॥ २ ॥

श्लोक

न देवान्न गुरूनापि सुहृदो न च बान्धवान्
असत् संगरनिर्लित्यं वेश्यावश्यो हि मन्यते ॥ १ ॥
कुष्टिनोऽपि स्मरसमान् पश्यंती धनकांक्षया
तन्वतीं कृत्रिमस्नेहां निःस्नेहां गणिकां त्यजेत् ॥ २ ॥

વેશ્યાને વશ થએલ પુરૂષ ખરેખર દેવ, ગુરૂ, મિત્ર કે બાંધવોને ગણકારતો નથી. તેમના કરતાં વેશ્યાનું કહેલું વિશેષ માને છે-અસત્યને સત્ય માને છે અને સત્ય ને અસત્ય માને છે. કોઢીઆઓને પણ ધનની ઈચ્છાથી કામદેવ સરખા ગણતી અને ઉપર ઉપરના સ્નેહને ધારણ કરતી એવી વેશ્યાનો દૂરથી ત્યાગ કરવો જોઇએ. સીતાએ બ્રહ્મચર્ય પાળ્યું તેમ અન્ય સ્ત્રીઓએ પણ દુઃખના સમયમાં બ્રહ્મચર્ય પાળવું જોઇએ. જે પુરૂષો અને સ્ત્રીઓ મોહને વશ થઇ મૈથુનને સેવે છે તે ખરેખર દુઃખની પરંપરાને પામે છે. સીતાને અનેક ધમકીઓ રાવણે આપી તોપણ બ્રહ્મચર્ય વ્રત ભાગ્યું નહિ. દ્રૌપદીએ પણ કીચકના પ્રસંગમાં પોતાનું બ્રહ્મચર્યરૂપ ધન જાળવ્યું હતું, તેમ સ્ત્રીઓએ બ્રહ્મચર્ય વ્રત પાળવું જોઇએ.

સ્થૂલિભદ્ર અને સુદર્શન શેઠનાં ચરિત્રો વાંચી પુરૂષોએ પણ બ્રહ્મચર્ય પાળવું. બ્રહ્મચર્ય અમૂલ્ય ચિંતામણિ છે-શ્રીયશોવિજયજી ઉપાધ્યાય ભગવાન્ કહે છે કેઃ—

મંત્ર ફળે જગજશ વધે, દેવ કરેરે સાનિધ્ય.
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવનિધ-પાપસ્થાનક—

બ્રહ્મચર્ય ધારણ કરવાથી મંત્ર સાધતાં મંત્રો ફળ આપે છે અને દેવતાઓ સહાય કરે છે. જે પુરૂષો બ્રહ્મચર્ય ધારણ કરે છે તે નવનિધિ પામે છે, બ્રહ્મચર્ય ચારિત્રનું મૂળ છે. બ્રહ્મચર્યથી ચોકસપણું વૃદ્ધિ પામે છે. અનેક ઉપદ્રવોનો નાશ થાય છે. ભૂતપ્રેત પિશાચ વગેરે ક્ષુદ્ર દેવતાઓનું જોર રહેતું

કરે છે. અનેક પ્રકારનું સ્વાર્થમય આપણ કરે છે. જ્યાં ત્યાં ધન પ્રાપ્ત કરવા રાત્રી દીવસ પ્રયત્ન કર્યા કરે છે. સુખે તે ટ પણ ભરતો નથી. જે કોઈ ઇષ્ટ વસ્તુઓ કે જે મનથી મ- ળી છે તે મળે છે તો તેના કરતાં વિશેષ પ્રાપ્ત કરવા લાલચ વધારતો જાય છે. જે જે વસ્તુઓ દુનિયામાં સારી દેખે છે તે લેવા ઇચ્છા કર્યાજ કરે છે. હિંસા, જુઠ, વિશ્વાસઘાત આદિ અનેક કુકર્મો કરીને પણ લોભનો ખાડો પૂરો કરવા પ્રયત્ન કરે છે. એક પુત્ર થતાં બે, બે થતાં ત્રણ, ત્રણ થતાં ચાર, એમ ઉત્તરોત્તર લોભને વધારતો જાય છે. તેમજ હજાર મળતાં દશ હજારનો લોભ કરે છે દશ હજાર મળતાં લાખનો લોભ કરે છે, અને લાખ રૂપિયા મળતાં કરોડનો લોભ કરે છે, અને કરોડ મળતાં અબજ રૂપિયા મેળવવા લોભ કરે છે. એમ ઉત્તરોત્તર લોભની વૃદ્ધિ કરે છે. પણ જેટલું મળ્યું તેટલું બસ એમ મનમાં નિશ્ચય લાવતો નથી.

હે પામર પ્રાણી! શા માટે તું લોભને વશ થઈ સંતોષને દેશવટો આપે છે! એક દીવસ લોભની સર્વ ઇચ્છાઓને પડતી મૂકી પરભવમાં ગમન કરવું પડશે. રાવણ સરખો રાજા પણ અ- નીતિના લીધે ઉત્તમ મનુષ્ય જન્મ હાર્યો, નવનંદની સોનાની ડુંગરીયો સમુદ્રમાં રહી. અંતે તેના સાથે આવી નહીં [illegible] માટે લોભ કરવો જોઇએ? કૈરવોએ લોભના વશ થઈ પાંડવોને રાજ્ય ભાગ ન આપ્યો તો અંતે સર્વનો નાશ થયો. અરે લોભ! તું જ્યાં સુધી હૃદયમાં છે ત્યાં સુધી હૃદયમાં સંતોષ પ્રગટ થતો નથી. અરે લોભ! તું કેમ પ્રાણિયોને સતાવે છે? પુત્ર અને પિતા વચ્ચે યુદ્ધ કરાવનાર તું લોભ છે. સહોદર બંધુઓ વચ્ચે ક્લેશનાં બી વાવનાર અરે શાન્તિભંજક લોભ! તેં [illegible] સુખની બુદ્ધિથી લલચાવી દુઃખના ખાડામાં [illegible] લોભ! તું કેમ મોટા મોટા સાધુઓ તપસ્વીઓના [illegible] પણ પ્રવેશ કરે છે! સાધુઓને શિષ્યનો લોભ અને આહારનો

હે મનુષ્ય ! જો તું કંઇ સમજતો હોય તો અસંતોષમાં કેમ પડી રહે છે ? જ્યાં સુધી તું સંતોષને ધારણ કરતો નથી, ત્યાં સુધી ત્હારી સર્વ વિદ્યા, ચતુરાઇ, પંડિતાઇ, હુંશીઆરી અને બાહાદુરી નકામી છે. હે મનુષ્ય ! ત્હને અસંતોષથી જરામાત્ર ચેન પડનાર નથી. જે વસ્તુઓ માટે તું અનેક પ્રકારની ઉપાધિ વેઠે છે પણ તે પાણીના પરપોટા જેવી કારમી છે, સંધ્યાના વાદળા જેવી ક્ષણિક છે, હાથીના કાનની પેઠે ચંચળ છે, નદીના પૂરની પેઠે ક્ષણિક છે. જડવસ્તુઓની સંગતિથી કદી શાંતિ થઈ નથી. મોટા મોટા યોગિયો ગુફામાં પણ બેશી સંતોષના યોગે સુખ ભોગવે છે, તું પણ ખરો નિશ્ચય કરી સંતોષનું સેવન કર.

જે મળ્યું તેટલામાં તું સુખ માનીલે. ત્હારા કર્મમાં હશે તેટલુંજ ત્હને મળનાર છે. વધારે મળનાર નથી. ગમે ત્યાં જાઓ પણ જેટલું મળનાર હશે તેટલું મળશે. ત્હારી આજીવિકા સુખપૂર્વક ચાલતી હોય તો તું તેટલાથી સંતોષ ધારણ કર. ગરીબ એવા સંતોષીને જે સુખ છે, તે સુખ મહેલમાં રહેનાર રાજાને પણ મળતું નથી. ત્હારી મન, વાણી અને કાયાને આત્માના વશમાં રાખજે. સુખ છે તે પુદ્ગલ વસ્તુમાં નથી. જે જે દૃશ્ય વસ્તુઓ દેખાય છે તે જડ હોવાથી તેમાં સુખ નથી.

હે આત્મન્ ! તું જ્ઞાન દર્શન અને ચારિત્રરૂદ્ધિમય છે. ત્હારૂં ખરૂં સુખ આત્મામાં છે. આત્મામાંજ સુખ માન. બાહ્ય વસ્તુથી લોભાઇશ નહિ, તો ત્હારા હૃદયમાં ત્વરિત સંતોષ વાસ કરશે અને તેથી તું ખરૂં સુખ અનુભવી શકીશ. સંતોષ એજ અમૃતનો સાગર છે. બાહ્ય વસ્તુઓ મળી તોપણ શું અને ન મળી તોપણ શું ? ત્હારા સ્વરૂપમાં તું રમણતા કર. હે ચેતન ! જડથી તું ન્યારો છે. બાહ્ય વસ્તુઓની પ્રાપ્તિમાં વા અપ્રાપ્તિમાં લાભ કે અલાભ જે દેખતો નથી તેજ ખરેખરો સંતોષી છે. જેના મનમાં બાહ્ય વસ્તુની લાલચના કંઇ પણ સંકલ્પ ઉઠતા નથી તેજ પરમ સંતોષી થઇ સૌખ્યસુખનો અનુભવ કરી શકે છે. જેને આત્મા-

હે મનુષ્ય ! જો તું કંઇ સમજતો હોય તો અસંતોષમાં કેમ પડી રહે છે ? જ્યાં સુધી તું સંતોષને ધારણ કરતો નથી, ત્યાં સુધી હારી સર્વ વિદ્યા, ચતુરાઇ, પંડિતાઇ, હુંશીઆરી અને બાહ્ય-ઋદ્ધિ નકામી છે. હે મનુષ્ય ! ત્હને અસંતોષથી જરામાત્ર ચેન પડનાર નથી. જે વસ્તુઓ માટે તું અનેક પ્રકારની ઉપાધિ વેઠે છે પણ તે પાણીના પરપોટા જેવી ક્ષણિક છે, સંધ્યાના વાદળા જેવી ક્ષણિક છે, હાથીના કાનની પેઠે ચંચળ છે, નદીના પૂરની પેઠે ક્ષણિક છે. જડવસ્તુઓની સંગતિથી કદી શાંતિ થઈ નથી. મોટા મોટા યોગિયો ગુફામાં પણ બેસી સંતોષના યોગે સુખ ભોગવે છે, તું પણ ખરો નિશ્ચય કરી સંતોષનું સેવન કર.

જે મળ્યું તેટલામાં તું સુખ માનીલે. ત્હારા કર્મમાં હશે તેટલુંજ ત્હને મળનાર છે. વધારે મળનાર નથી. ગમે ત્યાં જાઓ પણ જેટલું મળનાર હશે તેટલું મળશે. ત્હારી આજીવિકા સુખપૂર્વક ચાલતી હોય તો તું તેટલાથી સંતોષ ધારણ કર. ગરીબ એવા સંતોષીને જે સુખ છે, તે સુખ મહેલમાં રહેનાર રાજાને પણ મળતું નથી. ત્હારી મન, વાણી અને કાયાને આત્માના વશમાં રાખજે. સુખ છે તે પુદ્ગલ વસ્તુમાં નથી. જે જે દૃશ્ય વસ્તુઓ દેખાય છે તે જડ હોવાથી તેમાં સુખ નથી.

હે આત્મન્ ! તું જ્ઞાન દર્શન અને ચારિત્રરૂદ્ધિમય છે. ત્હારૂં ખરૂં સુખ આત્મામાં છે. આત્મામાંજ સુખ માન. બાહ્ય વસ્તુથી લોભાઇશ નહિ, તો ત્હારા હૃદયમાં ત્વરિત સંતોષ વાસ કરશે અને તેથી તું ખરૂં સુખ અનુભવી શકીશ. સંતોષ એજ અમૃતનો સાગર છે. બાહ્ય વસ્તુઓ મળી તોપણ શું અને ન મળી તોપણ શું ? ત્હારા સ્વરૂપમાં તું રમણતા કર. હે ચેતન ! જડથી તું ન્યારો છે. બાહ્ય વસ્તુઓની પ્રાપ્તિમાં વા અપ્રાપ્તિમાં લાભ કે અલાભ જે દેખતો નથી તેજ ખરેખરો સંતોષી છે. જેના મનમાં બાહ્ય વસ્તુની લાલચના કંઇ પણ સંકલ્પ ઉઠતા નથી તેજ પરમ સંતોષી થઇ મોક્ષસુખનો અનુભવ કરી શકે છે. જેને આત્મા-

થતો નથી. આત્માનું સ્વરૂપ સમજી સંતોષ ધારણ કરવાથી સર્વ વિકારોથી રહિત મન થાય છે.

જે મુનિવરો દુનિયાની સર્વ વસ્તુઓને અસાર સમજી સંતોષ ધારણ કરી પંચમહાવ્રત અંગીકાર કરે છે તેમને ધન્યવાદ ઘટે છે. જે શ્રાવકો સંતોષવૃત્તિ ધારણ કરી શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કરે છે તેમને ધન્યવાદ ઘટે છે. જે મહાત્માઓ સંતોષ વૃત્તિ ધારણ કરી ધનાદિકનો ત્યાગ કરી આત્માની ઋદ્ધિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે તેમને ધન્યવાદ ઘટે છે. જે મહાત્માઓ આત્મામાંજ સુખ છે એમ ધારી ચક્રવર્તિની પણ વાંછના કરતા નથી તેમને ધન્યવાદ ઘટે છે. પ્રારબ્ધ કર્મથી જેઓ અનેક પ્રકારની બાહ્ય ઋદ્ધિવાળા છે. છતાં તેમાં જેઓને મૂર્છા જરા માત્ર પણ થતી નથી. તેઓને ધન્યવાદ ઘટે છે. જે ધનાઢ્યો લોભવૃત્તિથી વ્યાપારની ઉપાધિમાં તલ્લીન થતા નથી અને લોભનો નાશ કરી પરિગ્રહ પરિમાણ વ્રત ગ્રહણ કરે છે, તેમને ધન્યવાદ ઘટે છે.

સંતોષ એ શબ્દનો અર્થ સમજતાં મનુષ્ય ખરા સુખનો અધિકારી થાય છે આત્માની અનંત ઋદ્ધિ લાધી તો હવે જડમાં કેમ લોભાવું જોઇએ? હે ચેતન! આવો મનુષ્યભવ વારંવાર મળનાર નથી. માટે સંતોષ ગુણને ધારણ કરી ખરું સુખ પ્રાપ્ત કર. અસંખ્ય અસંતોષી મનુષ્યો દુનિયામાંથી ધમાધમ કરી ચાલ્યા ગયા, પણ તેઓ અંતે મુખ મસળતા, હાથ ઘસતા, અને ધૂળની પેઠે ધૂળરૂપ થઈ ગઈ. અને તેઓ હાય હાય કરતા ચાલ્યા ગયા. માટે હે આત્મન્! કેવલ જ્ઞાનીઓનો ઉપદેશ સમજી તારૂં શુદ્ધ સ્વરૂપ સમજ, શુદ્ધાત્મ પ્રદેશમાં સ્થિર થા. તારૂં તારી પાસે છે, સંતોષવૃત્તિને ધારણ કર કે જેથી પરમાનંદ પદને તું લેઈ શકે.

તેજ જ્ઞાની અને અનુભવી છે કે જેણે સંતોષમાં પોતાનું જીવન ગાળ્યું. હે ચેતન! એ પ્રકારે સુખમય જીવન ગાળવું

વચનને અનુસરી પદાર્થોની શ્રદ્ધા કરવી એજ સત્યશ્રદ્ધા ગણાય. કેવલજ્ઞાનિએ દેવગુરૂ અને ધર્મનું જે સ્વરૂપ કહ્યું છે તેજ સત્ય છે. કેવલજ્ઞાનિયે જગત્‌માં નવ તત્ત્વ જણાવ્યાં છે તેજ સત્ય છે. કેવલજ્ઞાનિએ ષડ્‌દ્રવ્યનું સ્વરૂપ જાણ્યું અને દેખ્યું છે તેજ દ્રવ્ય સત્ય છે. કેવલજ્ઞાનિએ વ્યવહાર અને નિશ્ચયનયથી પદાર્થોનું જે સ્વરૂપ વર્ણવ્યું છે તેજ સત્ય છે. કેવલજ્ઞાનિએ નિગોદનું જે સ્વરૂપ જે પ્રમાણે પ્રરૂપ્યું છે તેજ સત્ય છે. આપણી અલ્પમતિના યોગે તેનું યથાર્થસ્વરૂપ સમજાય નહિ તોપણ મુંઝાવું નહિ. કારણ કે કેવલજ્ઞાનમાં જે વસ્તુઓ ભાસે છે તેનો પરિપૂર્ણ અનુભવ શું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન કરી શકશે? ના કદી કરી શકે નહિ.

માટે સર્વજ્ઞના વચનમાં અશ્રદ્ધા કરવી નહિ, જેમ જેમ નિગોદ વગેરેનું સ્વરૂપ સમજવા માટે સંયમ કરવામાં આવે છે, તેમ તેમ તેના સ્વરૂપનો પ્રકાશ થાય છે.

કેવલજ્ઞાનિએ ચાર ગતિનું જેવું સ્વરૂપ કહ્યું છે તેજ પ્રમાણે તે સત્ય છે. સંસાર અને મોક્ષનું સ્વરૂપ જે પ્રમાણે કહ્યું છે, તેજ પ્રમાણે સત્ય છે. તેમજ લોક અને અલોકનું જેવું કેવલજ્ઞાનિએ સ્વરૂપ કહ્યું છે તેજ પ્રમાણે સત્ય છે. કેવલજ્ઞાનિએ લોકને શાશ્વત અને અશાશ્વત કહ્યો છે તેજ પ્રમાણે તેનું સ્વરૂપ છે. બહિરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ જેવું કેવલજ્ઞાનિએ કહ્યું છે તેજ પ્રમાણે સત્ય ભાસે છે. મુક્ત થવા કેવલજ્ઞાનિએ જ્ઞાન દર્શન અને ચારિત્રની પ્રરૂપણા કરી છે, તેજ પ્રમાણે સત્ય છે. ગૃહસ્થ અને સાધુધર્મની કેવલજ્ઞાનિએ જે પ્રમાણે પ્રરૂપણા કરી છે તેજ પ્રમાણે સત્ય છે.

અષ્ટાદશ દોષરહિત દેવ, અને પંચ મહાવ્રત ધારી જિનાજ્ઞાપાલક સદ્‌ગુરૂ અને કેવલજ્ઞાનિએ કહેલો ધર્મ એ ત્રણ તત્ત્વ ખરેખર સત્ય છે; તેની શ્રદ્ધાજ ખરી છે એમ માનનારને સમ્યક્‌ત્વ ઉત્પન્ન થાય છે.

તત્ત્વની શ્રદ્ધા ધારણ કરનારનું મન જેવું ધર્મમાં સ્થિર રહે છે તેવું અન્યનું રહેતું નથી. ચોળ મજીઠના રંગની પેઠે તત્ત્વની શ્રદ્ધા થવી જોઇએ અંધશ્રદ્ધા વા કુશ્રદ્ધા વા દૃષ્ટિરાગની શ્રદ્ધાને દૂર કરી જ્ઞાનપૂર્વક શ્રદ્ધા કરવાની જરૂર છે.

જે મનુષ્યો તત્ત્વનો અભ્યાસ કરી જ્ઞાનશ્રદ્ધા પ્રાપ્ત કરે છે તેઓને કોઇ ભરમાવી શકતું નથી જેઓને તત્ત્વનું જ્ઞાન નથી તેઓ ગાડરીયા પ્રવાહની પેઠે અજ્ઞાનરૂપ અંધકૂપમાં પડી જન્મ જરા મરણના દુઃખો પામે છે.

સમ્યક્ત્વ રત્નની ખાસ જરૂર જો હોય તો પ્રથમ તત્ત્વની શ્રદ્ધા કરવી જોઇએ સદ્‌ગુરૂ મુનિરાજો જે ઉપદેશ આપે તેનો પરિપૂર્ણ વિચાર કરી શ્રદ્ધા કરવી જોઇએ

સર્વજ્ઞનાં વચનો જેના હૃદયમા સત્ય ભાસ્યાં છે, કોઇપણ વચન જૂઠું નથી. એવી શ્રદ્ધાવાળાને નિશ્ચયસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. ગમે તે જાતિનો મનુષ્ય આવી શ્રદ્ધા ધારણ કરે છે તે નિશ્ચયસમ્યક્ત્વને પામે છે. તિર્યંચપણ સમ્યક્ત્વને પામે છે. આવી ઉત્તમ અમૂલ્ય શ્રદ્ધા પામવા અહર્નિશ પ્રયત્ન કરવો. શ્રદ્ધા પામી અનેક જીવો મુક્તિ પામ્યા-પામે છે અને પામશે. ॐ શાંતિઃ ૩.

પ્રકરણ ૧૨ મું.

भक्ति.

ભક્તિ-અર્થાત્ સેવા એ નામ સર્વત્ર પ્રસિદ્ધ છે. ભક્તિથી મુક્તિ થાય છે, એમ અનેક જ્ઞાનિયો જયડિંડિમ વગાડીને કહે છે. જગત્‌માં અનેક ધર્મ પાળનારા અનેક મનુષ્યો અનેક રીતે પરમાત્માની ભક્તિ કરે છે. દેવતાઓ પણ પરમાત્માની ભક્તિ કરે છે. એક કવિ કહે છે કે, ભક્તિ સમાન જગત્‌માં પરમાત્માને પ્રાપ્ત કરવાનો અન્ય ઉપાય નથી. એક વિદ્વાન્ તો એટલા સુધી જણાવે છે કે, જેણે ભક્તિનો આનંદ ચાખ્યો નથી તે પરમાત્માને સુખા ભાવથી પ્રાપ્ત કરી શકે નહીં.

રાંનું લોહી પ્રસન્ન પડે છે? ના કદી નહિ. ખરેખર તે ભક્તિજ કહેવાય નહિ. કોઈ મનુષ્ય ચોરી કરી હજારોનાં ગળાં રેંસી નાખી રાજાની ભક્તિ કરવા ધારે તો શું રાજા તેથી ખુશી થશે ! અલબત નહીં. તેમજ હિંસકો પણ હોમમાં બકરાં હોમીને તથા પરમાત્માના નામે બકરાં રેંસી નાખીને ભક્તિ કરવા ધારે તો તેઓની ભક્તિ નહિ પણ એક જાતની હિંસાની ભ્રમણા છે.

કેટલાક લોકો પરમાત્માની ભક્તિના નામે પંથ ઉભા કરી ભોળા લોકોને કંઠીઓ બંધાવી પૈસા રળે છે. વ્યાપાર ચલાવે છે. મોહમાયામાં મસ્તાન રહે છે. શું આવી સ્વાર્થિભક્તિથી આત્મા ઉચ્ચ કોટી ઉપર આવી શકે? ના. કદી નહિ. કેટલાક લોકો પરમાત્માના સદ્‌ગુણો જાણતા નથી અને ગાડરીયા પ્રવાહની પેઠે અંધાધુંધી ચલાવે છે. તેઓની ભક્તિ પણ નકામી સમજવી.

કેટલાક લોકો પોતાનું નામ અમર રાખવા માટે અને પોતાના નામનો પંથ ચલાવવા માટે અસલની નકલ કરી આડા અવળા વિચારો તથા રીવાજો ભેગા કરી લોકોને ભક્ત હોવાનું ઢોંગ બતાવી પરમાત્માના નામનો પંથ ઉભો કરે છે અને પોતાના ભક્તોનો વધારો કરવા ધર્મના ઝઘડાઓ કરી ખંડન મંડનમાં પડી જગતની અશાંતિમાં વધારો કરે છે.

કેટલાક ભક્તો પરમાત્માની ભક્તિને ત્યજવી પોતાની ભક્તિ કરાવવા પોતાને જગતમાં ઈશ્વરનો અવતાર જણાવે છે. દુનિયા ઝુકનેવાલી હૈ ઝુકાનેવાલા ચાહિયે. આ રીતિને અનુસરી પોતાના નામની મૂર્તિયો ભરાવે છે, પોતેજ પરમાત્મા છે. એમ સાબિત કરવા ભક્તોને અનેક યુક્તિઓથી સમજાવે છે [illegible] કુયુક્તિયોની જાળમાં શિષ્યોને એવા ફસાવે છે કે જાણે [illegible] વિના અન્ય કોઈ પરમાત્મા નથી તેજ. ખરા પરમાત્મા છે એમ [illegible] ઠસાવે છે. કેટલાક ભક્તો તો પોતે પરમાત્માનો અવતાર [illegible]

જે ભક્તિને આપ્ત પુરૂષોએ વર્ણવી હોય. જે ભક્તિથી પરમાત્માનું દર્શન તથા પરમાત્મપદની પ્રાપ્તિ થાય, જે ભક્તિથી જન્મ જરા અને મરણના દોષો નાશ પામે, જે ભક્તિ જ્ઞાન અને શ્રદ્ધાની વૃદ્ધિ કરનારી હોય, જે ભક્તિ જ્ઞાનની પુષ્ટિ કરનારી હોય, જે ભક્તિથી દયા અને શુદ્ધ પ્રેમની વૃદ્ધિ થાય, જે ભક્તિથી ઉપશમપણું વૃદ્ધિ પામે. એવા પ્રકારની ભક્તિ કરવા યોગ્ય છે.

પરમાત્માની ભક્તિ કરવી જોઇએ ત્યારે પરમાત્મા કેવા પ્રકારના હોવા જોઇએ તે જણાવવામાં આવે છે. પરમાત્મામાં ક્રોધ, માન. માયા અને લોભ દોષ ન હોવા જોઇએ, અર્થાત્ ક્રોધાદિકનો સર્વથા ક્ષય કર્યો હોય. તે કેવલજ્ઞાન અને કેવલ દર્શનથી વિભુષિત હોવા જોઇએ. જન્મ. જરા અને મૃત્યુથી વિમુક્ત હોવા જોઇએ. વ્યક્તિની અપેક્ષાએ અનંત હોવા જોઇએ. જાતિની અપેક્ષાએ એક પણ હોવા જોઇએ અનંતશક્તિમય તથા અનંત સુખમય હોવા જોઇએ. સ્થિર હોવા જોઇએ. ન્યાયની પ્રેરણા તથા ઇચ્છા આદિ ઉપાધિથી મુક્ત હોવા જોઇએ. અનંત ગુણમય હોવા જોઇએ.

પરમાત્માના ભક્તો કોણ થઈ શકે ? તે બતાવે છે-જે આત્મતત્ત્વનો અત્યંત જિજ્ઞાસુ હોય, સત્ય અને અસત્ય જાણવાની જેનામાં વિવેકબુદ્ધિ પ્રગટી હોય, કોઈ પણ પ્રકારના કદાગ્રહથી રહિત હોય, પરોપકારી હોય, પરમાત્મતત્ત્વ જાણવાની અત્યંત ઇચ્છા હોય, કુયુક્તિનો ત્યાગ કરી સુયુક્તિને પકડનાર હોય, નીતિધર્મ પર અત્યંત શ્રદ્ધાળુ હોય, વૈરાગ્યથી હૃદય રંગાયું હોય, જન્મ, જરા અને મૃત્યુના દુઃખમાંથી છુટવાનો તીવ્ર સંકલ્પ હોય, નામ કે કીર્તિની ઇચ્છા ન હોય. હિંસા. જુઠ, ચોરી, વ્યભિચાર, અને આસક્તિ આદિથી મુક્ત હોય, વિશ્વાસ ઘાતી વા પરની નિંદા કરનાર ન હોય, સદ્ગુરૂની ઉપાસના કરનાર હોય પોતાના આત્મા સમાન અન્ય આત્માઓને જે જાણતો હોય પોતાના કુટુંબસમાન જગત્‌ને કુટુંબ માનનાર હોય. સંસારની તૃષ્ણામાં

ભક્તિના અંગ સર્વે ગ્રહી ભાવથી, સેવિયે તે સદા સુખકારી;
ભક્તિવિણ પાર નહિ હોય સંસારનો, ભક્તિથી ટેવ ટળશે નઠારી. ભક્તિ.૪
ભક્તિ આધીન વિભુ આતમા ભવ તરે; ભક્તિથી સ્વર્ગ સિદ્ધિ સુહાવે;
દેવની ભક્તિ પણ જીવના સન્મુખી, ભક્તિકર્તા સદા સિદ્ધ થાવે. ભક્તિ. ૫
દેવની ભક્તિથી ગુપ્તિ શુભ જાગતી, ચિત્ત લય ભક્તિથી ભવ્ય ભાળો;
ભક્તિમાં મિષ્ટતા સ્વયંપણે સ્હેજમાં, ભક્તિના માર્ગમાં આયુ ગાળો. ભક્તિ.
ભક્તિમાં ચિત્ત વૃત્તિતણો રોધ છે, ભક્તિથી જ્ઞાનની જ્યોતિ જાગે;
ભક્તિથી આંતરૂં નહિ પ્રભુનું કદી, ભક્તિથી ભક્તની ભ્રાન્તિ ભાગે. ભક્તિ.૭
ભક્તિના તોરમાં જોર છે કંઈ નવું, ભક્તિનો યોગ કલિકાલ મોટો;
ભગનિધિ તેલજેવી લહો ભક્તિને, ભક્તિનો યોગ નહિ ભાઈ છોટો. ભક્તિ.૮
ભક્તિ સાકારની સાધિયે સત્યથી, ભક્તિ સાકારમાં ચિત્ત લાગે;
પછીથી શુક્તિનું ભાન છે આદ્યમાં, ચિત્ત ચેતન પ્રભુ ભક્તિ જાગે. ભક્તિ.૯
ભક્તિ જાગતી રહે યોગના રંગમાં, ભક્તિ પણ યોગ છે યોગ ભક્તિ.
એક બીજાં રહે નામ જુદાં હવે, ભક્તિના યોગથી સત્ય શક્તિ. ભક્તિ ૧૦
ભક્તિ સંગ્રામમાં તીર્થ સાચું ગણ્યું, ભક્તિના યોગમાં ભૂલ નાવે.
ભક્તિથી શુદ્ધ વૃત્તિ વધે આત્મમાં, ભક્તિથી સત્ય આનન્દ થાવે. ભક્તિ.૧૧
ભક્તિની ધૂનમાં દેવ છે આતમા, ભક્તિ રસથી રસિક કહાવે.
ભક્તિના પયોધિએ પાર મૂકયાથકી, જન્મ મૃત્યુતણા દુઃખ જાવે. ભક્તિ૧૨
ભક્તિથી મર્મ મળે, મોહ માયા ગળે, ભક્તિના બોધને બુધ માગે.
ભક્તિ અમૃતનાં પાન કીધાથકી, પ્રાણી સંતાપ નહિ અન્ય માગે. ભક્તિ૧૩
ભક્તિની ઔષધિ રોગ સહુ ટાળતી, ભક્તિના ભાવથી નિત્ય રાચું.
ભક્તિભગવન્તની ભેદ સહુ ભાગતી, દેવ ભક્તિ મહિત જ્ઞાન સાચું. ભક્તિ
શુદ્ધ ભાવે રમી ભક્તિ સાચી હવે, આત્મની ભક્તિના કોઈ ભોગી.
બુદ્ધિસાગર નિરાકારની ભક્તિને, જ્ઞાનથી સાધતા કોઈ યોગી. ભક્તિ ૧૪

भजनसंग्रह भाग पांचमो.

ભાવાર્થ—હે ભવ્ય જીવ! તું દેવની ભક્તિ કર. સાત્વિક રાજસિક અને તામસિક એ ત્રણ પ્રકારની ભક્તિ છે. પરમાત્મા જિનવરનું નામ જપી તેમાં રમણતા કર. કારણ કે જિનવરનું નામ

ભક્તિના અંગ અનેં ગ્રહી ભાવથી, સેવિયે તે સદા સુખકારી.
ભક્તિવિણ પાર નહિ હોય સંસારનો,ભક્તિથી દૈવ [illegible] નઠારી. ભક્તિ.૪
ભક્તિ આધીન વિભુ આતમા અત્ર નહે; ભક્તિથી સ્વર્ગ સિદ્ધિ સુહાવે;
દેવની ભક્તિ પણ જીવના સન્મુખી. ભક્તિકર્તા સદા સિદ્ધ થાવે. ભક્તિ. ૫
દેવની ભક્તિથી ગુપ્તિ ગુણ જાગતી. ચિત્ત સ્થિર ભક્તિથી [illegible].
ભક્તિમાં મિષ્ટતા સ્વપ્ને સંભવમાં. ભક્તિના સંગમાં આયુ જાવે. ભક્તિ
ભક્તિમાં ચિત્ત વૃત્તિતણો રોધ છે. ભક્તિથી જ્ઞાનની જ્યોતિ જાગે,
ભક્તિથી શાંતિ નહિ પ્રભુનું ઠરી. ભક્તિનાથી ભક્તની ભ્રાન્તિ ભાગે. ભક્તિ ૭
ભક્તિના તોરમાં જોર છે કર્મનું. ભક્તિનો યોગ કલિકાલ મોટો.
ભક્તિયા તેહથી લહે ભક્તિને. ભક્તિનો યોગ નહિ ભાઈ છોટો. ભક્તિ ૮
ભક્તિ સાકારની સાધિયે ભાવથી, ભક્તિ સાકારમાં ચિત્ત લાગે.
પશ્ચાતથી મુક્તિનું ભાન છે આપમાં. ચિત્ત ચેતન પ્રભુ ભક્તિ જાગે. ભક્તિ ૯
ભક્તિ ભગતી રહે યોગના રંગમાં. ભક્તિ પણ યોગ છે યોગ ભક્તિ.
એક બેમાં રહે નામ જુદાં લહે, ભક્તિના યોગથી નવ્ય શક્તિ. ભક્તિ ૧૦
ભક્તિ સંગાસથી તીર્થ સાચું ગણ્યું. ભક્તિના યોગમાં ગુણ નાવે
ભક્તિથી સ્વસ્થ વૃત્તિ થવે આત્મમાં, ભક્તિથી નવ્ય આનન્દ આવે. ભક્તિ ૧૧
ભક્તિની ધૂનમાં દેવ છે આતમા. ભક્તિ રસથી [illegible]
ભક્તિના પગથિયે પાર [illegible], [illegible] દુઃખ જાવે. ભક્તિ ૧૨
ભક્તિથી [illegible] ભક્તિના [illegible]
ભક્તિ અમૃતતત્ત્વ [illegible] ભક્તિ ૧૩
ભક્તિની [illegible] ભક્તિના [illegible]
ભક્તિ [illegible] ભક્તિ
[illegible] ભક્તિ [illegible] ભક્તિના [illegible]
બુદ્ધિસાગરે નિરાકારની ભક્તિને, જ્ઞાનથી [illegible] ભક્તિ ૧૪

[illegible]

[illegible]

પરમાત્માની ભક્તિથી અનેક લબ્ધિરૂપ શક્તિયો પ્રગટે છે. ક્તિથી ચિત્તનો લય થાય છે, પરમાત્મામાં ચિત્ત લાગવાથી ગદ્વેષનો નાશ થાય છે. તેથી બાહ્ય પદાર્થોપ્રતિ મનની શૂન્યતા તે છે. ભક્તિમાં દરેક જીવોને કંઇક મીઠાશ ઉપજે છે. માટે ભવ્ય જીવો ! તમે ભક્તિના માર્ગમાં જ આયુષ્ય વ્યતીતકરો. રણ કે ખરેખરી જન્મની સાફલ્યતા તેથીજ છે.

પરમાત્મ ભક્તિમાં ચિત્તવૃત્તિનો રોધ થવાથી યોગની પ્ર પ્તિ થાય છે. અને પરમાત્મસ્વરૂપમાં ચિત્તવૃત્તિનો રોધ કર વાથી સ્થિરતા થાય છે. અને તેથી શુદ્ધ જ્ઞાન પ્રગટે છે, ભક્તિથી પરમાત્માનું આંતરૂ નથી. આવું ફરી વાર કહેવાથી સિદ્ધાંત કર્યો છે કે, ભક્તિની ધૂનમાં હું આત્મા અને પરમાત્મા અન્ય એવુ જે અંતર હતું તે ભક્તિની ધૂનથી ભાગી જાય છે, અને શુદ્ધ ભક્તિથી ભ્રાન્તની સર્વ ભ્રાન્તિયો ભાગે છે. એમ ખરેખર અનુ ભવમાં આવે છે.

શુદ્ધ ભક્તિના લોકમાં જોર નવા પ્રકારનું બલ થાય છે કલિકાલમાં ખરેખર ભક્તિનો યોગ મોટામાં મોટો છે, પરમા ત્મપ્રતિ પ્રેમભાવ અને પ્રાપ્તવ્ય ઉપાયોમા સદાકાલ આસક્તા રહે વાથી અંતે પરમાત્મદર્શન થાય છે. અલ્પકાલમા પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત થાય છે, ગૃહસ્થ અને સાધુને અધિકાર પ્રમાણે ભક્તિ કરવાની પ્રવૃત્તિ શાસ્ત્રમાં કહી છે. જગતના જડપદાર્થોપર જે પ્રેમ થાય છે તે સર્વ પ્રેમને ખેંચી પરમાત્મસ્વરૂપપ્રતિ જોડવાથી પરમાત્મભક્તિની ખુમારી અનુભવાય છે. જેટલા જેટલા અંશે પરમાત્મસ્વરૂપપર પ્રેમ પ્રગટે છે, તેટલા તેટલા અંશે સંસારના પદાર્થોઉપરથી પ્રેમ ઘટે છે. છેવટે વીતરાગ દશાની સ્થિતિ આત્મા પ્રાપ્ત કરે છે, પણ યાદ રાખવું જોઇએ કે પરમાત્મપણું જે આત્મામાં છે તે પ્રગટ કરવાજ ભક્તિની કુંચી છે, એમ નિર્ધાર કરવો. અગ્નીમાં તેલ જેવી ભક્તિ બે રીત ત્યારેજ પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત થાય છે

લાગ્યા કે તું ભક્ત છે ત્યારે તે કહેવા લાગ્યો કે હું તો પરમાત્માનું નામ પણ દેતો નથી. મારે અને પરમાત્માના નામને કંઈ સંબંધ નથી. સર્વ જુઠા ભક્તો કહેવા લાગ્યા કે અમો પ્રભુના ભક્તજ નથી, માટે અમારૂં નામ દેશો નહિ. છેવટે પેલો ગરીબ ખેડુત મલ્યો. તેણે કહ્યું કે હું પરમાત્માનો ભક્ત છું, મને ભલે તમે લેઈ મારા શરીરનું ભક્ષ કરો. રાજાના કામમાં મારૂં શરીર વપરાશે તો મારા આત્માને ધન્યવાદ આપીશ. તે ભક્તને પકડી સિપાઇઓ રાણી પાસે લાવ્યા. તેનું સાહસ અને નિડરતા અને પ્રભુનો પ્રેમ જોઈ પ્રધાને ત્હેને ધન્યવાદ આપ્યો અને બાકીના ખેડુત ભક્તોની પાસેથી કર લીધો. આ દૃષ્ટાંતમાં કહેલા ભક્તની પેઠે પરમાત્માની ભક્તિ થાય તોજ આત્મકલ્યાણ થાય છે. પરમાત્માની ભક્તિમાં તન, મન, ધન, અને પ્રાણનો નાશ થાય તો ભલે થાઓ પણ પરમાત્મભક્તિમાં સ્થિર રહેવું એવી જેની દૃઢ પ્રતિજ્ઞા છે, તેવા પુરૂષો પરમાત્મભક્તિથી ખરેખર સત્યસુખ સદાને માટે પ્રાપ્ત કરે છે.

સાકાર પરમાત્માની અર્થાત્ દેહધારી તીર્થંકરની ભક્તિ છે. પણ સિદ્ધ થએલ નિરાકાર પરમાત્માની પણ ભક્તિ છે. બાળજીવો સાકાર પ્રભુ પ્રતિમાદ્વારા ભક્તિની આરાધના કરે છે, કારણ કે સાકાર પ્રભુનું સ્વરૂપ તેઓ સમજી શકે છે. માટે સાકાર પરમાત્માની ભક્તિનોએ પ્રથમ દશામાં ભક્તિ કરવી અને યોગ્યતા પ્રાપ્ત થતાં નિરાકાર પરમાત્મસ્વરૂપની ભક્તિ કરવી. મુક્તિનું પ્રથમ પગથિયું ભક્તિ છે, કારણ કે પ્રથમાવસ્થામાં દરેક જીવો ભક્તિથી ચઢી શકે છે. પરમાત્માની ભક્તિ કરવાથી આત્મા પોતાના સ્વરૂપે જાગ્રત થાય છે એમ સિદ્ધાંતોમાં કહ્યું છે.

ભક્તિ યોગના રંગમાં ભજતી રહે છે. ભક્તિના બે પ્રકાર છે. દ્રવ્ય ભક્તિ અને ભાવભક્તિ; તેમાં ભાવભક્તિ છે તે ધ્યાન-સમાધિરૂપ છે તેથી તે યોગ કહેવાય છે. અને યોગ પણ આ દશાને અનુસરી ભક્તિતરીકે ઓળખાય છે. અર્થાત્ નામ જુદાં

અધ્યાત્માઓ શુદ્ધાત્મ રમણતારૂપ સત્યભક્તિને પામી શકે છે. આત્મસ્વરૂપમાં સદાકાલ લયલીન થવું. તેવી ઉત્કૃષ્ટ ભક્તિના યોગી જગત્‌માં વિરલા છે. બુદ્ધિસાગર, અર્થાત્ જ્ઞાનના સાગરભૂત એવા નિરાકાર સિદ્ધ ભગવાન્‌ની ભક્તિને કોઈ વિરલા પુરૂષો અધ્યાત્મજ્ઞાનથી સેવે છે, તેજ ખરેખર ઉત્કૃષ્ટ યોગીઓ ગણાય છે એમ બુદ્ધિસાગર કહે છે.

પરમાત્માની ભક્તિમાં તલ્લીન થનાર પોતાને પ્રભુરૂપ સમજે છે. ભક્તિની પ્રથમાવસ્થામાં ભક્ત પોતાને ભગવાનનો દાસ (સેવક) માને છે. ભક્તિની બીજી અવસ્થામાં ભક્ત પોતાના આત્માને પરમાત્માના સમાન માને છે. જેવી પરમાત્માની સત્તા છે, તેવી મારી સત્તા છે. માટે પરમાત્માને પોતાના તુલ્ય ગણી મિત્ર બને છે. ભક્તિની ઉત્કૃષ્ટ અવસ્થા ત્રીજી પ્રાપ્ત થતાં ભક્ત પરમાત્મારૂપ બને છે. સોऽहं એ પદનો સાક્ષાત્ અનુભવ કરે છે.

જેમ ઈઅલ ભમરીનું ધ્યાન ધરી પોતે ભમરીરૂપ થાય છે, તેમ આત્મા પણ પરમાત્માની ભક્તિ કરતો છતો પોતે પરમાત્મા બને છે. અશુદ્ધ સુવર્ણ જેમ કારણ સામગ્રી પામી શુદ્ધ સુવર્ણતાને પ્રાપ્ત કરે છે તેમ આત્મા પણ ભક્તિરૂપ સામગ્રી પામી પરમાત્મપદ પ્રાપ્ત કરે છે.

લડવૈયો જેમ લડાઈમાં મસ્તક કોરે મૂકીને લડે છે અને જય પ્રાપ્ત કરે છે તેમ ભક્તરૂપ લડવૈયો કીર્તિ, લાજ, અપવાદ આદિ સર્વનો ત્યાગ કરીને પરમાત્માની ભક્તિની ધૂનમાં અનહદ નાદ વગાડતો છતો જય પ્રાપ્ત કરે છે અને પોતે પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

લડવૈયો જેમ ક્ષુધા, તૃષા, ઘા આદિ અનેક ઉપસર્ગો સહન કરીને રાજાની સેવા ઉઠાવવા બાકી મૂકતો નથી, તેમ ભક્તરૂપ લડવૈયો નિંદા, હેલના, રોગ, ક્ષુધા અને પિપાસા આદિ અનેક ઉપસર્ગો સહન કરીને પરમાત્મપદની પ્રાપ્તિ માટે કર્મ શત્રુઓની સાથે લડે છે અને પરમાત્મપદ પ્રાપ્ત કરે છે,

એ છીએ તેના કરતાં ઘણું પ્રાપ્ત કરીએ છીએ, પોતે જે જ્ઞાન-
દાન આપીએ છીએ તેના કરતાં તેના બદલામાં આપણે ઉત્તમ
જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ. આ બાબતમાં નીચેની કવિતા વાંચવા
યોગ્ય છે.

દાનમહિમા.

દાનને દેઈએ દાનને દેઈએ, દાન દીધા થકી પુણ્યવૃદ્ધિ.
દાનથી સ્વર્ગની પ્રાપ્તિ છે સહજમાં, દાનથી હોય સર્વત્ર સિદ્ધિ. દાન.૧
થાય વશમાં સહુ વૈરિયો દાનથી, સ્વર્ગ પાતાળમાં કીર્તિ ગાજે,
દાનથી દેવતા સેવતા ચરણને, દાનથી મુક્તિનાં શર્મ છાજે. દાન.૨
દાન દીધાથકી સર્વ દોષો ટળે, દાનથી ધર્મનું બીજ વાવે,
પ્રભુને પ્રેમથી દાન દીધાથકી, પ્રાણિયા મુક્તિમાં શીઘ્ર આવે. દાન.૩
દાન છે પંચધા સૂત્રમાં ભાખિયું, અભય સત્પાત્રથી સ્વર્ગસિદ્ધિ.
શાલિભદ્રે લહી ખીરના દાનથી, વસન ભોજન અને દિવ્ય ઋદ્ધિ. દાન.૪
દાનથી માનીનાં માનતો થાય છે, દાનથી શત્રુઓ મિત્ર થાવે,
દુઃખ અગ્નિ પ્રશમ દાનના મેઘથી, દાનથી લક્ષ્મીની લીલ પાવે. દાન.૫
અમર તે જગતમાં સત્ય દાતાર છે, દાન સાંવત્સરી વીર આપે,
સર્વ તીર્થેશ પણ દાનને આપતા, દાનથી દુઃખ દૌર્ભાગ્ય કાપે. દાન.૬
દાનથી દુઃખીનાં દુઃખ દૂરે ટળે, દાનથી કર્ણ જગમાં ગવાયો,
દાનથી પામિયે માન અવનીવિષે, નિશ્ચય દાનથી શાન્તિ પાયો. દાન.૭
દાન દીધા થકી દીર્ઘકૃત પામીએ, દાનને દેઈએ ભવ્ય હાથે.
બુદ્ધિસાગર સદા દાન દેતાં થકાં, હસ્તથી ધર્મતો હોય સાથે. દાન.૮

હે બંધુઓ. દાન દેવા યોગ્ય છે. દાન દેવાથી પુણ્યની
વૃદ્ધિ થાય છે. દાનથી દેવલોકમાં ઉત્તમ દિવ્યદેહો મળે છે. ખરે-
ખર દાનથી સર્વત્ર અનેક પ્રકારની વાંછિત સિદ્ધિઓ થાય છે.
દાનીના મનમાં પરોપકારની ઉત્તમ લાગણી વર્તે છે, તેથી તે
આત્મસ્થિરતામાં ઉત્તમ બનતો જાય છે, અનેક વૈરિયો પણ દાનના
દેવાથી વશમાં આવે છે. દાન દેનારની ખરેખર સ્વર્ગ અને પા-
તાલમાં કીર્તિ ગાજે છે દાનથી દેવતાઓ પણ દાનીના ચરણ-

કરવી, ગુરૂની ભકિતવિના જે પરમાત્માની ભકિતજ કરવા ધારે છે તેને પરમાત્માની ભકિત ફળતી નથી. કારણ કે જે જ્ઞાન આપનાર સાક્ષાત્ ઉપકારી ગુરૂની ભકિત કરતો નથી તે પરમાત્માને શી રીતે ભજી શકે? અલબત સેવી શકે નહિ. દાખલો કે જેમ કોઇ મનુષ્ય પોતાની માતાનો ઉપકાર જાણી શકતો નથી તે પિતાનો ઉપકાર શી રીતે જાણી શકશે? અલબત જાણી શકે નહિ. માટે ગુરૂભકિતપૂર્વક પરમાત્માની ભકિત સફળ છે. ગુરૂની ભકિતથી ભવ્ય જીવો આ ભવમાં અને પરભવમાં સુખી થાય છે. વેશ્યાના જેવા જે સ્વાર્થી હાજી હા કરનારા મનુષ્યો સદ્ગુરૂને પ્રાપ્ત કરી શકતા નથી. ધારના ખીલા જેવા જે ભક્તો છે તે પણ ગુરૂની શ્રદ્ધા ભકિતથી રહિત છે માટે ઉત્તમ ભકત બની શ્રદ્ધાર્થી સદ્ગુરૂની ભકિત કરી સદ્જ્ઞાન પ્રાપ્ત કરવું.

આ પ્રમાણે પરમાત્મા અને સદ્ગુરૂની ભકિત કરવી, આદી જે જે સત્પુરૂષો હોય તેમની પણ યથાયોગ્ય ભકિત કરવી, સંઘની ભકિત કરવી. આ પ્રમાણે જે ભકિતનું આરાધન કરે છે તે પરમસુખ પ્રાપ્ત કરે છે, પાપનો ક્ષય કરે છે, ઉચ્ચ થતો જાય છે, જગતમાં પરમપૂજ્ય બને છે. પરમાત્મરૂપ થઈ સદા સાશ્વત સુખ ભોગવે છે.

પ્રકરણ ૧૨ મું.

दानरत्न.

દાન દેવું–પોતાની શકિત અનુસારે અન્ય જીવોને કંઈક આપવું. અન્ય જીવોને દાન આપવાથી પોતાને શો ફાયદો ? આમ સ્વાભાવિક પ્રશ્ન થશે. આના ઉત્તરમાં કહેવાનું કે અન્ય જીવોને દાન દેવામાં આપણે જે વસ્તુઓ આપીએ છીએ તેના બદલામાં આપણે ઉત્તમ સુખમય વસ્તુઓ પ્રાપ્ત કરીએ છીએ. માટેજ દાન આપવાની ખાસ આવશ્યકતા છે. પોતે જે દાન કરી-

ઃખમાંથી છોડાવવાને ભાવ અભયદાનના ઉત્તમવિચારો કરે છે તેના યોગે પુણ્યાનુબંધી પુણ્ય બાંધી તીર્થંકર તરીકે અવતાર ધારણ કરે છે. બીજાઓને દુઃખોમાંથી છોડાવવાનો મનમાં વિચાર કરવો તેમજ સર્વ જીવોને ધર્મ પમાડું કે જેથી સર્વે અનંત આનંદને પામે આવું માનસિક અભયદાન એવું બળવાન્ છે કે તે ઉત્તમ તીર્થંકરના અવતારને પમાડે છે. અહો આ ઉપરથી ધર્મબંધુઓએ વિચારવું કે તીર્થંકર સુધીની પદવી પામવાની તમારા હાથમાં છે. કારણ કે જો તમારૂં મન ખરાબ વિચારો કરે છે તેજ જો સારા વિચારો કરે તો (અભયદાનના વિચારો કરે તો) તમો ઉત્તમ થઇ શકો. મનમા અભયદાનના સંકલ્પો કરવાથી સર્વ જગતનું ભલું થાય એવા અવતારો ધારણ કરી શકાય છે અને તેના યોગ્ય સર્વ સાધનો મળે છે. અભયદાનના વિચારમાં અનંતશક્તિ રહી છે. મનુષ્યોની પાસે મન રહ્યું છે તેમ છતાં અજ્ઞાનને લીધે અહો કહે છે કે અમારી પાસે કંઇ નથી તેથી શી રીતે અભયદાન કરી શકીએ. આના ઉત્તરમાં તેઓને સ્પષ્ટ સમજવાનું કે તમારી પાસે મન છે, ક્ષણે ક્ષણે મનમાં અભયદાનના વિચારો કરો. સર્વ જીવોને ધર્મી બનાવું, સર્વ જીવોને સંપૂર્ણ જ્ઞાન આપું, સર્વ જીવોને કદાપિકાળે મરે નહિ એવું અમરપણાનું દાન આપું. આવા ઉત્તમપુણ્યનો જથ્થો ભેગો આત્મા ઉત્તમ અવતાર ધારણ કરે છે.

વાણીથી જીવદયાનો ઉપદેશ દેવો. મરતા પ્રાણીઓને અવસરકારક શરણ આપવું, જીવ દયાથી જે જે લાભો થતા હોય તે વાણીદ્વારા ઉપદેશવા. અભયદાનનો અમૂલ્ય મહિમા ગાવો વગેરે વાણીથી અભયદાન જાણવું—

કાયાથી અભયદાન દેવા માટે જીવોને મરતા બચાવવા, હાથ પગ શરીરનો ઉપયોગ કરવો. જીવોની યતના કરવી. મારનારને શરીરથી વારવા. કામકાજ કરતાં શરીરથી જીવોને બચાવવા. શરીરબળથી જીવો ન મરે તેવા અનેક ઉપાયો યોજવા.

વોની દયા હૃદયમાં મન વચન અને કાયાથી પૂર્ણ અભયદાન
કરનાર સાધુઓ તથા સાધ્વીઓ છે. જીવોની દયા માટે તેઓ
દીક્ષા અંગીકાર કરી પંચ મહાવ્રત પાળ્યા કરે છે. માટે સાધુ-
ઓની ભક્તિ માટે જે લક્ષ્મીનો વ્યય કરવો તે પણ અભયદા-
નરૂપજ છે. કોઈ પણ પ્રકારની સત્તાથી પોતાના તાબામાં રહેલા
મનુષ્યો પાસે પણ પક્ષીઓની હિંસા છોડાવવી. તાબાના મનુ-
ષ્યોને માંસ ખાતા વા ખવરાવતા અટકાવવા, તેમજ દેવદેવીઓ
આગળ બકરા અને પાડાના ભોગ દેતા અટકાવવા. બકરા અને
પાડા વગેરેના પ્રાણનો નાશ થાય તેવા યજ્ઞો થતા અટકાવવા,
પોતાની સત્તાથી પણ પક્ષીઓને કોઈ મારે નહિ એવો કુમા-
રપાળ રાજાની પેઠે જાહેર પડહ વજડાવવો. જાહેર ખબરો છ-
પાવવી. પ્રતિજ્ઞાઓ કરાવવી. જીવહિંસકોને સત્તાના બળે હિંસા
કરતાં અટકાવવા સંપ્રતિરાજાની પેઠે માંસાહારિયોને પણ સત્તા-
ના બળે હિંસા કરતા અટકાવવા હિંસકો ગાયઆદિ પ્રાણીઓને
મારતા હોય તો સત્તાનું બળ ગમે તે રીતે મર્યાદામાં રહી અ-
જમાવવું જોઈએ. નાના અને મોટા જીવોનું રક્ષણ કરવામાં પો-
તાની સત્તાયુક્તિના બળે અન્ય જનોને પણ તે કાર્યમાં પ્રેરવા,
સત્તાના બળવડે જીવદયાના પુસ્તકો રચાવીને તેમજ છપાવીને
સર્વત્ર તેવા પુસ્તકોનો ફેલાવો કરવો ઇત્યાદિ લક્ષ્મીસત્તાથી
અભયદાન જાણવું

અભયદાન સમાન કોઈ જગતમાં દાન નથી, દ્રવ્ય અને
ભાવ અભયદાન સમજવું જોઈએ. જીવોના પ્રાણ બચાવવા તે
દ્રવ્ય અભયદાન છે અને સ્વ અગર અન્ય જીવોના જ્ઞાન દર્શન
અને ચારિત્ર ગુણો ખીલે તે ગુણોનું રક્ષણ થાય તેવું બોલવું,
તેવો ઉપદેશ દેવો, તેવી પ્રવૃત્તિ કરવી, આત્માના ગુણોનું રક્ષણ
કરવું, અનંત ભવના દુઃખોથી આત્માને તેમજ અન્ય આત્માઓને
છોડાવવા, સમકિત તથા ચારિત્રનો ઉપદેશ આપવો, શ્રી વીર-
પ્રભુનાં તત્ત્વો ઉપદેશવાં, આત્મજ્ઞાન ધ્યાન કરવું ઇત્યાદિ ભાવ
અભયદાન જાણવું.

ની દયા ફેલાવવામાં મન વચન અને કાયાથી પૂર્ણ અભયદાન ધારનાર સાધુઓ તથા સાધ્વીઓ છે. જીવોની દયા માટેજ તેઓ દીક્ષા અંગીકાર કરી પંચ મહાવ્રત ધારણ કરે છે, માટે સાધુઓની ભક્તિ માટે જે લક્ષ્મીનો વ્યય કરવો તે પણ અભયદાનરૂપજ છે. કોઈ પણ પ્રકારની સત્તાથી પોતાના તાબામાં રહેલા મનુષ્યો પાસે પશુ પંખીઓની હિંસા છોડાવવી. તાબાના મનુષ્યોને માંસ ખાતા વા ખવરાવતા અટકાવવા, તેમજ દેવદેવીઓ આગળ બકરા અને પાડાના ભોગ થતા અટકાવવા. બકરા અને પાડા વગેરેના પ્રાણનો નાશ થાય તેવા યજ્ઞો થતા અટકાવવા, પોતાની સત્તાથી પશુ પંખીઓને કોઈ મારે નહિ એવો કુમારપાળ રાજાની પેઠે જાહેર પડહ વજડાવવો. જાહેર ખબરો છપાવવી, પ્રતિજ્ઞાઓ લેવડાવવી, જીવહિંસકોને સત્તાના બળે હિંસા કરતાં અટકાવવા. સંપ્રતિરાજાની પેઠે માંસાહારિયોને પણ સત્તાના બળે હિંસા કરતાં અટકાવવા. હિંસકો ગાયઆદિ પ્રાણીઓને મારતા હોય તો સત્તાનું બળ ગમે તે રીતે મર્યાદામાં રહી અજમાવવું જોઇએ. નાના અને મોટા જીવોનું રક્ષણ કરવામાં પોતાની સત્તાયુક્તિના બળે અન્ય જનોને પણ તે કાર્યમાં પ્રેરવા, સત્તાના બળવડે જીવદયાનાં પુસ્તકો રચાવીને તેમજ છપાવીને સર્વત્ર તેવા પુસ્તકોનો ફેલાવો કરવો ઇત્યાદિ લક્ષ્મીસત્તાથી અભયદાન જાણવું.

અભયદાન સમાન કોઇ જગત્માં દાન નથી. દ્રવ્ય અને ભાવ અભયદાન સમજવું જોઇએ. જીવોના પ્રાણ બચાવવા તે દ્રવ્ય અભયદાન છે અને સ્વ અને અન્ય જીવોના જ્ઞાન દર્શન અને ચારિત્ર ગુણો જીવે તે ગુણોનું રક્ષણ થાય તેવું બોલવું, તેવો ઉપદેશ દેવો, તેવી પ્રવૃત્તિ કરવી, આત્માના ગુણોનું રક્ષણ કરવું. અનંત ભવના દુઃખોથી આત્માને તેમજ અન્ય આત્માઓને છોડાવવા. સમકિત તથા ચારિત્રનો ઉપદેશ આપવો, શ્રી વીરપ્રભુનાં તત્ત્વો ઉપદેશવાં, આત્મજ્ઞાન ધ્યાન કરવું; ઇત્યાદિ ભાવ અભયદાન જાણવું.

દિવસ ઊગરવાની ખુશાલીમાં સ્નિગ્ધભોજન કરી ઘણો [illegible] [illegible] બીજે દિવસમાં રતિદાન રાણીએ પાંચ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો, ત્રીજે દીવસે અનુકંપાદાન રાણીએ પોતાના વર (વચન) વડે રાજા પાસેથી ચોરને માગી લીધો. તે રાણી પેલા ચોરને પોતાના ઘેર તેડી ગઈ અનેક પ્રકારની ખાવા પીવા ભાજનતેની ભક્તિ કરી, ત્રીશ હજાર રૂપિયા ખર્ચ્યા. સુપાત્ર નામની ચોથી રાણી પણ ચોરને માગી પોતાને ઘેર લઈ ગઈ ખાવા અને પીવા આદિ અનેક પ્રકારની ભક્તિ કરી. ત્હેની ભક્તિમાં ચાલીશ હજાર રૂપિયા ખર્ચ્યા. પાંચમી અભયપ્રદા નામની ચેતન રાજાની રાણી હતી. પણ તેના ઉપર રાજાનો પ્યાર નહોતો. તેથી તેણીએ પૂર્વ વચનના પેટે પેલા ચોરને છોડાવવા રાજાને વિનંતિ કરી કહ્યું કે જો તમે તમારૂં વચન પાળતા હો તો આ ચોરને સદા કાળને માટે છોડી દો. રાજાએ તેણીનું કહ્યું માની તેને છોડી દીધો. તેને પોતાના ઘેર અભયપ્રદા લેઈ ગઈ ચોરને સામાન્ય ભોજન જમાડી તેને ખૂબ અસરકારક ઉપદેશ આપ્યો હિંસા અને ચોરીનો ત્યાગ કરાવ્યો અને કહ્યુ કે, જા હું આજ ત્હને છોડી દઉં છું. ત્હને કોઈ મારનાર નથી. આ પ્રમાણે રાણીનાં વચનો સાંભળી પેલો ચોર અત્યંત આનંદ પામ્યો. પોતાનું મરણ થનાર નથી એવું નક્કી જાણવાથી ત્હેનો સઘળો ભય ટળી ગયો. પાંચ રાણીઓ પોતપોતાના કરેલા દાનની સ્પર્ધા કરવા લાગી. એક કહે મેં સારૂં દાન દીધું, એક કહે મેં સારૂં દાન દીધું. એમ વાદ કરવા લાગી. રાજાએ પાંચે રાણીઓનો વાદ ટાળવા માટે સભા સમક્ષ ચોરને બોલાવીને કહ્યું કે તું સાચું કહે કે કઈ રાણીએ દાનથી ત્હારા ઉપર મોટો ઉપકાર કર્યો. આમ રાજાની આજ્ઞા મળવાથી ચોરે સભાસમક્ષ કહ્યું કે, પહેલી ચાર રાણીઓએ મ્હને એક દિવસ માટે છોડાવી ખૂબ ધન વાપર્યું પણ બીજા દિવસે મરવાના ભયથી મ્હારા આત્માને આનંદ વા શાંતિ મળી નહીં. પણ અભયપ્રદા રાણીએ જ્યારે અભયદાન આપ્યું ત્યારે મારા આત્માને ઘણો આનંદ થયો કે

સ્થાથી પણ થતી નથી. હાલના કાળમાં આત્મજ્ઞાન તરફ કોઈ ઉત્તમ જીવોનું લક્ષ ખેંચાય છે. કેટલાક મનુષ્યો ધર્મ ધર્મ પોકારે છે, પણ આત્મતત્ત્વ જાણ્યા વિના તેઓ સત્ય ધર્મ સાધી શકતા નથી. આત્મતત્ત્વ જાણ્યા વિના પુનર્જન્મ અને પુણ્ય, પાપ, બંધ અને મોક્ષતત્ત્વની શ્રદ્ધા થતી નથી. આત્મતત્ત્વ જાણવાથી હૃદયમાં સત્યવિવેક પ્રગટે છે અને સત્ય સુખ પ્રાપ્ત કરવા ઇચ્છા થાય છે.

આત્માના ત્રણ ભેદ છે. બહિરાત્મા-અન્તરાત્મા અને પરમાત્મા આ ત્રણ આત્માઓનું સ્વરૂપ સમજવાથી પોતે કયો આત્મા છે તેનો અનુભવ થાય છે.

બાહ્ય વસ્તુઓમાં આત્માને માનનાર બહિરાત્મા કહેવાય છે. મન-વાણી અને કાયાને આત્મા માનનાર બહિરાત્મા કહેવાય છે. મિથ્યાત્વદશામાં વર્તનારને બહિરાત્મા કહેવામાં આવે છે.

બહિરાત્માઓ અનેક છે. રાગ અને દ્વેષમાં સદાકાલ તેઓ લયલીન રહે છે. તેઓ પુણ્ય અને પાપનો ભેદ સમજતા નથી. દુનિયાની ઉન્નતિનેજ પોતાના આત્માની ઉન્નતિ ગણે છે. ખાવું-પીવું અને પહેરવું વગેરે સાંસારિક સુખો ભોગવવામાંજ તેઓનું જીવન ચાલ્યું જાય છે. સાંસારિક સુખને માટે તેઓ નીતિનો ક્વચિત્ સ્વીકાર કરતા જણાય છે પણ પોતાના આત્માનું સુખ મેળવવા નીતિનો સ્વીકાર કરતા નથી. બહિરાત્માઓ અસત્ય વસ્તુઓને સત્ય માને છે અને સત્ય તત્ત્વને અસત્ય માને છે. બહિરાત્માઓ વૈષયિક સુખને માટે સાંસારિક વસ્તુઓમાં રાચી માચીને રહે છે. સત્ય દેવ, ગુરૂ અને ધર્મનું તત્ત્વ સમજી શકતા નથી. દુનિયાની જડ વસ્તુઓમાં તેઓ સુખની શ્રદ્ધા ધારણ કરે છે. શરીરથી ભિન્ન અને પુનર્જન્મવાળા આત્માની શ્રદ્ધા તેઓના મનમાં ઠસતી નથી. કેટલાક બહિરાત્માઓ દેહીને આત્મા માને છે, કેટલાક શરીરની ઉષ્ણતાને આત્મા માને છે કેટલાક બહિરાત્માઓ પંચભૂતના સંયોગને આત્મા માને

પણ ખરાબ વાસના ક્ષણેક્ષણે ઉત્પન્ન થતી હોય છે. તેથી તેઓ પોતાના મિત્ર, પુત્ર અને સ્ત્રી વગેરે સંબંધીઓમાં પણ ખરાબ વિચારો ફેલાવે છે. જેમ હડકાયું કુતરૂં પોતે પણ મરે છે અને બીજાઓને પણ કરડીને મૃત્યુ પમાડે છે. તેમ બહિરાત્માઓ પોતાનો નાશ કરે છે અને બીજાઓનો પણ નાશ કરે છે.

મિથ્યાત્વ વાસિત બહિરાત્માઓ પોતાના અશુદ્ધ વિચારોને જ્યાં ત્યાં ફેલાવે છે મિથ્યાત્વી જીવોની અન્તર ચક્ષુઓ ન ઉઘડેલ હોવાને લીધે તેઓ અધર્મની માફક પ્રવૃત્તિ કરે છે. કુદેવ, કુગુરૂ, અને કુધર્મમાં આસક્ત જીવો. સુદેવાદિની સન્મુખ થઈ શકતા નથી. બહિરાત્માઓ, સ્વાત્મધર્મ મૂકીને પરભાવમાં સદાકાલ મગ્ન રહે છે. બહિરાત્માઓ આત્મતત્ત્વ સમજી શકતા નથી. અને જે આત્મતત્ત્વ માને છે તેને પણ ઉલટું સમજાવી ખરાબ વિચારોનું ઘર બનાવે છે. બહિરાત્માઓ મદ્ય માંસાદિનું સેવન કરે છે. બહિરાત્માઓ કુમતિના પ્રેર્યા સ્વપરનું કલ્યાણ કરી શકતા નથી. બહિરાત્માઓ બાહ્ય દુનિયાની ઉન્નતિને સાધ્ય બિંદુ રૂપે છે; નિવૃત્તિમાર્ગ તરફ તેઓના મનને વળતી નથી. મિથ્યાત્વ સમયમાં પહેલેથી ગણતાં જેવ. સચેષ્ટ હતાં તેમાં બહિરાત્મીઓનાં આચરણ રહે છે.

તેઓ કર્મ અને આત્માનો અસ્તિત્વભાવ સ્વીકારતા નથી. સ્વર્ગ, નરક, અને મોક્ષ આદિનું અસ્તિત્વ સ્વીકારતા નથી ગૃહસ્થ ધર્મ અને સાધુ ધર્મનો સ્વીકાર કરતા નથી. તત્ત્વના વચનમાં અનેક પ્રકારની શંકાઓ કરે છે સર્વજ્ઞ કોઈ પણ છે એવો વિચાર તેઓ ધરાવતા નથી. નિંદકનો કરવાથી પણ પાછા હઠતા નથી. જે જે આંખે દેખાય છે તેટલીજ વસ્તુઓનો તે સ્વીકાર કરે છે. પોતાની બુદ્ધિની બહાર જે જે વસ્તુઓ હોય તેને માનતા નથી. પ્રાયઃ આવી બહિરાત્માઓની દશા વર્તવાને લીધે તેઓ ધર્મી પુરૂષોને મારી પણ નાખે છે. ધર્મ વિરૂદ્ધ વિચારો ફેલાવવા અનેક પ્રકારની ઉશ્કેરણી કરી લોકોને પાપમાં દોરે છે. આત્માદિનું અસ્તિત્વ માનનારાઓને તેઓ. મૂર્ખ કહી હસે છે. બાહ્યની ઉન્નતિ માટે તેઓ મન દઈ તત્ત્વજ્ઞાન લેઈ શકતા નથી. તેઓ પોતાની તીવ્રબુદ્ધિનો દુરૂપયોગ કરે છે. ઇત્યા

નેજ સત્ય વિચારક પ્રોફેસર તરીકે ગણે છે. તેથી દુર્વિદગ્ધની પેઠે અનેક પ્રકારે સમજાવવામાં આવે તોપણ પોતાનો કક્કો છોડતા નથી. કોઇ મહાત્મા પુરૂષનો સંસર્ગ થતાં જીવાદિ નવતત્ત્વનો બોધ તેમાંથી કોઇ પામી શકે છે. જેઓ માર્ગાનુસારિના ગુણો પામે છે તેઓ આત્મતત્ત્વ સમ્મુખ થઇ શકે છે. ભવસ્થિતિ પરિપાક દશાયોગે બહિરાત્માઓ આત્મતત્ત્વ સમ્મુખ થાય છે અને સમ્યક્ત્વધર્મને પામે છે. જીવાદિ નવતત્ત્વનું જ્ઞાન કરી તેની શ્રદ્ધાને ધારણ કરતાં અન્તરાત્માપણું પ્રાપ્ત થાય છે.

અન્તરાત્મા.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા બંધ અને મોક્ષ એ નવતત્ત્વને સાત નય, ચાર નિક્ષેપ આદિથી જાણી તેની શ્રદ્ધા કરનારને સમ્યક્ત્વ ગુણ પ્રગટ થાય છે. શરીર, વાણી અને મનથી આત્માને અન્તરાત્માઓ ભિન્ન સ્વીકારે છે, અન્તરાત્માઓ આત્માને આત્મા તરીકે માને છે અને જડને જડ વસ્તુ તરીકે માને છે. અન્તરાત્માઓ પુનર્જન્મ, મોક્ષ વગેરે તત્ત્વો સ્વીકારે છે. અન્તરાત્માઓ પુણ્યને વ્યવહારનયથી આદેય માને છે અને નિશ્ચયથી હેય માને છે, તેમજ પાપ તત્ત્વનો ત્યાગ કરવા પ્રયત્ન કરે છે. અન્તરાત્માઓ અષ્ટકર્મથી પોતાના આત્માને મૂકાવવા જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરે છે. શરીરમાં રહેતા છતાં પોતાને શરીરથી ભિન્ન સ્વીકારે છે. આત્માના અસંખ્યાત પ્રદેશ છે અને તે પ્રદેશો નિરાકાર છે. આત્માના એકેક પ્રદેશે અનન્તજ્ઞાન, અનન્તદર્શન, અનન્તચારિત્ર, અનન્તવીર્ય આદિ અનન્તગુણો રહ્યા છે. અનાદિ કાલથી ક્ષીરનીર સંયોગની પેઠે આત્માના પ્રદેશોની સાથે કર્મવર્ગણાઓ લાગી રહી છે. મુખ્યતાએ આત્માને આઠ પ્રકારનાં કર્મ લાગ્યાં છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અને અંતરાય, એ આઠ કર્મના ક્ષયથી અનંતજ્ઞાન, અનંતદર્શન, અવ્યાબાધસુખ, ક્ષાયિકચારિત્ર, આદિ અનંતસ્થિતિ, અરૂપી, અગુરૂલઘુ, અને અનન્તવીર્ય એ આઠ ગુણ છે તેનો પરિપૂર્ણ પ્રકાશ થાય છે.

આત્માની શુદ્ધ દશા કરવામાટે અન્તરાત્માઓ ગૃહસ્થધર્મ વા સાધુ ધર્મ અંગીકાર કરે છે, રાગદ્વેષનો ક્ષય કરે છે.અને કોઇ જડ પદાર્થ ઉપર રાગ વા દ્વેષ ધારણ કરતા નથી. કોઇ જડ પદાર્થને ઇષ્ટ વા અનિષ્ટ કલ્પતા નથી ક્રોધ, માનાદિક દોષોને પ્રતિદિન ક્ષય કરવા આત્મરમણતામાં આસક્ત રહે છે બાહ્ય વસ્તુઓમાં તેમજ દેહ વગેરેમાં મમત્વભાવ કલ્પતા નથી. પ્રતિદિન ઉપરના ગુણસ્થાનકની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરે છે મનમા થતા વિકલ્પ સંકલ્પોને હઠાવવા જય છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગના અષ્ટાંગનું હદ પ્રમાણે સેવન કરે છે. આત્માના સ્વરૂપમાં શુદ્ધોપયોગ રાખે છે,

તેઓ ગૃહસ્થાવાસમાં રહી સંસારના કાર્ય કરે છે તોપણ સમભાવથી કરે છે. જ્ઞાનિનો ભોગ નિર્જરા હેતુ માટે થાય છે. એવી દશા લાવવા પ્રયત્ન કરે છે. તાત્પર્ય કે, આત્માનું એવું દૃઢશ્રદ્ધાન મેળવે છે કે તેના પ્રતાપે ભોગાવલીકર્મના ઉદયે સંસારમાં ભોગ ભોગવવા પડે છે તોપણ જલકમલની પેઠે અન્તરથી ન્યારા રહે છે. કામીના મનમા જેમ કામ, લોભીના મનમાં જેમ દામ, જુગારીના મનમા જેમ દાવની ધૂન લાગી રહી હોય છે, તેમ અન્તરાત્માઓના મનમાં આત્માની ધુન લાગી રહી હોય છે. તેઓ આત્માનું ધ્યાન ધરે છે. સદ્ગુરુનું સેવે છે. અને અસંખ્ય યોગમાંથી ગમે તે યોગેનું યથાશક્તિ આરાધન કરે છે શ્રાવક વા સાધુઓ નહીંકે અન્તરાત્માઓ પરમાત્મપદનું આરાધન કરવા અત્યંત લક્ષ રાખે છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં હેતુ નથી. અને આત્માના જ્ઞાન ધ્યાનમાં રમણતા કરી અપ્રમત્ત થઈ ઘાતીકર્મનો ક્ષય કરી કેવલ જ્ઞાન પામે છે. આયુષ્ય હોયે નિર્ગ્રહિતની ઉપર એક યોજનના ચોવીશ ભાગ કરીયે તેમાંહિ ત્રેવીશ ભાગ મૂકીને ચોવીશમા ભાગ ઉપર સિદ્ધ બનવેલો રહે છે

" પરમાત્માઓ. "

જે અન્તરાત્માઓ, તેરમા ગુણઠાણે, જઈ કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે તેઓ સર્વેને પરમાત્મા કહેવાય છે. અને જે અરિહંત

સમાધિ.

પ્રકરણ ૧૪ મું.

જે દશામાં મનના વિકલ્પનો નાશ અને આત્માની સહજ સ્વરૂપે સ્થિરતા અનુભવાય છે તેને સમાધિ કહે છે. કરી દર્શનના ભેદે સમાધિના જુદા જુદા અર્થ કરાય છે.

સર્વ ભેદમાં ઉત્કૃષ્ટ ભેદ સમાધિ કહેવાય છે. સમાધિના બે ભેદ છે. **હઠ સમાધિ** અને **સહજ સમાધિ**

હઠ સમાધિમાં પોતાનું ભાન પોતાને રહેતું નથી. જેમ મનુષ્ય ઘેનનિદ્રામાં સર્વ પદાર્થોને ભૂલી જાય છે તેમ હઠયોગની સમાધિમાં પણ શૂન્યાવસ્થા જેવો ભાસ થાય છે. તે વખતે રાગ-દ્વેષની પરિણતિ રહેતી નથી. મન તે વખતે શાંત રહેલું હોવા-થી આનંદનો પણ અનુભવ થાય છે. પણ તેથી હઠ સમાધિમાંથી જાગ્રત થતાં મનની દશા હતી તેવી થઈ જાય છે. કોઈ વખતે હઠયોગી ક્રોધાદિના આવેશમાં આવી શાપ આપનારી અન્ય જીવોનું બુરું પણ કરી શકે છે. જો કે હઠ સમાધિવાળો મનના વિકલ્પ સંકલ્પ અમુક વખત સુધી ભાન વિના રોકી શકે છે પણ તેથી તે સદાકાળને માટે તેવો રહી શકતો નથી. જાગ્રત થાય છે કે કેટલાક વાસનાઓના પાશમાં પણ ઉપાદાનના અભાવે પડાય છે. સંપૂર્ણ રાગદ્વેષનો નાશને માટે તે શ્રમ કરી શકતો નથી. માટે તે રાજયોગ સમાધિના આનંદને પ્રાપ્ત કરી શકતો નથી. હઠ સમાધિમાં મનને રોકી રાખવામાં આવે છે અને સહજ સમાધિમાં અધ્યાત્મ જ્ઞાનના બળવડે જાગ્રત દશામાંપણ મન, વિકલ્પ સંકલ્પ રહિત થઈ જાય છે. હઠસમાધિ કરતાં સહજસમાધિ વિશેષતઃ ઉત્તમ છે. હઠસમાધિ અમુક અપેક્ષાએ સારી છે એમ તો કહી શકાય. કારણકે હઠસમાધિવાળો પણ સહજ સમાધિમાં પ્રવેશ કરી શકે છે. એકાંતે કોઈ વસ્તુનો અ-પેક્ષાવિના નિષેધ નથી, હઠસમાધિનું વર્ણન અન્ય દર્શનીઓના-

સ્પતો નથી. સમાધિ કાળમાં ચૈતન્યપણું હોય છે, તેથી સર્વ વસ્તુઓનાં જ્ઞાન છતાં વિકલ્પ સંકલ્પ થતો નથી, કારણકે તે રાગદ્વેષના વિકલ્પોને શુદ્ધ જ્ઞાનથી હઠાવી દે છે તેથી મન શાંત પડે છે અને આત્માને અપૂર્વ આનંદ અનુભવાય છે.

સમાધિ દશામાં ધ્યાતા ધ્યેય અને ધ્યાન એ ત્રણની એકતા અનુભવાય છે. પોતાના જ્ઞાનાદિ ગુણોમાં તન્મયતા અનુભવાય છે. રાગદ્વેષના વિકલ્પ સંકલ્પના અભાવે નિર્વિકલ્પક દશાનો અનુભવ થાય છે. ચોસઠ ઇન્દ્રના ત્રણકાલનાં સુખ ભેગાં કરીએ તો પણ આત્માના સુખની આગળ એક બિંદુ સમાન પણ નથી, એવી સહજ સમાધિનો અનુભવ ખરેખરા જે અધ્યાત્મ જ્ઞાનિયો હોય છે તે પ્રાપ્ત કરે છે.

ક્ષયોપશમ ભાવમાં આવી સમાધિ દશા અમુક વખત સુધી રહી શકે છે. પુનઃ અન્ય દશામાં ચિત્ત જાય છે, તોપણ આનન્દનું ઘેન સ્મરણમાં રહે છે અને સર્વ પરભાવ છોડી સમાધિ દશામાં રહેવાથી નિવૃત્તિપણું સેવાય છે પુન ધ્યાન દશામાં રમણતા કરતાં વિકલ્પ સંકલ્પ ટળે છે અને મનની એકાગ્રતા થતાં સહજ સમાધિ અનુભવાય છે આવી દશામાં ચારિત્ર મોહનીય કષાયનો ઉપશમ વા ક્ષયોપશમ ભાવ હોય છે ક્ષયોપશમ ભાવની સહજ સમાધિમાં રમણ કરતો થકો ક્ષપક શ્રેણિ આરોહી બારમા ગુણઠાણે જઈ ઘનઘાતી કર્મનો ક્ષય કરીને કેવલ જ્ઞાન અને કેવલ દર્શન પ્રાપ્ત કરે છે ક્ષાયિક ભાવની સમાધિમાં કેવલીને ભાવમનના અભાવે સદાકાળ સમાધિ કહેવાય છે અને અયોગી કેવલીને દ્રવ્ય મન અને ભાવ મનના અભાવે સદાકાળ શુદ્ધ સમાધિ દશા વર્તે છે. અપ્રમત્તકાળમાં ક્ષયોપશમ ભાવે જ્ઞાની યોગિયો સહજ સમાધિને રૂપ કરે છે

જેમ જેમ આત્મજ્ઞાનની ઉચ્ચ દશા થતી જાય છે, ત્યારમાં સ્નેહ અહંમમત્વ ભાવ ઉપશમતો જાય છે, રાગ અને દ્વેષની પરિણતિ મંદ પડતી જાય છે, તેમ તેમ સમાધિ દશામાં વિશેષ વખત સુધી રહેવાય છે.

જેણે ધ્યાનમાં સ્થિર રીતે પ્રવેશ કર્યો છે અને જે આનન્દ આસ્વાદ્યું છે, તેણે અત્યંત આધ્યાત્મ દશાનાં જીવન

છે, જેને કંચન, કામિની ઘર અને કુંટુંબની જંજાળ ઉપરથી મમત્વ ભાવ ઉતર્યો છે, તેજ આવી સહજ સમાધિ દશાનો અધિકારી થાય છે. ધ્યાન અને સમાધિનો જેણે પૂર્વભવમાં અભ્યાસ કર્યો છે એવો પુરૂષ આવી સહજ સમાધિનો અધિકારી બને છે.

મુંગો ગોળ ખાય પણ તેનો રસ બીજાને કહી શકે નહીં તેમ સમાધિ દશાવાળો પોતાને જે સુખ થાય છે તે બીજાને કહી શકે નહીં. કદાપિ તે વાણીથી શબ્દદ્વારા કહી શકે, તોપણ અન્યો કે જેઓને સમાધિ દશા નથી, તેઓને તે દશાનું ભાન હોતું નથી, તેઓ તેથી માન્ય કરી શકે નહીં. અનુભવ વિના કદાપિ શ્રદ્ધા કરે તો શ્રદ્ધાના બળથી કરી શકે તે વિના તેઓને આગળ અન્ય ઉપાય નથી.

સમાધિ દશાવાળા અપ્રમત્ત યોગિયો સાંસારિક સુખોને હિસાબમા ગણતા નથી અને તેથી તેઓ બાહ્યમાં સુખ બુદ્ધિ રાખતા નથી. તેનું કારણ કે તેઓએ આત્મ પ્રદેશોમાં સુખનો અનુભવ કર્યો હોય છે.

મોટા મોટા જ્ઞાનિ પુરૂષો પણ સમાધિનાં સુખ વર્ણવી શકતા નથી. તેનો પ્રત્યક્ષ અનુભવ લેવો હોય તો સહજ સમાધિ પ્રાપ્ત કરવી જોઇએ. પ્રયત્નશીલ સર્વ મનુષ્યો કંઈ સમાધિદશામાં આવી શકતા નથી. આ ભવમાં કેટલીક આરોગ્યતાની ખામી હોય છે તો તે અન્યભવ પામી પૂર્ણ કરી સમાધિદશા પ્રાપ્ત કરે છે. વીતરાગ શાસ્ત્રોનો અભ્યાસ કરનારાઓ આવી સહજ સમાધિ પામી શકે છે અને તેના યોગે કેટલાક ચમત્કાર પણ પ્રાપ્ત થાય છે. આવી દશા ઉપર જેઓને પ્રેમ હોય છે તેઓ ગમે ત્યારે તેને પ્રાપ્ત કરે છે. પણ જેઓને દ્વેષ હોય છે તેઓ તો તેને ઘણા ભવે પણ પ્રાપ્ત કરી શકતા નથી. આવી સહજ સમાધિ પામવા ધ્યાન કરનારાઓ ઉદ્યમ કરો, મનની એકાગ્રતા કરો અને સહજાનન્દના ભોક્તા બનો. એજ હિતાશીઃ

ૐ शान्तिः शान्तिः शान्तिः

શુદ્ધિ પત્રક.

પૃષ્ઠ.	લિટી.	અશુદ્ધ.	શુદ્ધ.
[illegible]	૨૩	સમુજ	સમુજ
[illegible]	૨૨	પિતાનો.	પિતાને
[illegible]	૧૯	માખરથ	માખરણ
[illegible]	૨૫	પ્રસગોપાત	પ્રસગોપાત
[illegible]	૧૬	મધુર પુટ	મધુર પુટ
[illegible]	૧૫	અત્નિશ	અનિશ
[illegible]	૨૬	પ્રકાસ્તા	પ્રકારના
[illegible]	"	દિક્ષાકના	દિક્ષાકના
"	૭	પાંમ	પ્રામ૦
૧૨	૧૫	કુર્ષ	કુર્નઃ
૧૩	૨૫	મધુર	મધુર
૧૪	૨૭	મેગી	મેગી
"	૧૩	પ્રતિશ	પ્રતિશ
૧૫	૧૮	રતનોઅતનાર	નર રતનો અવતાર
૧૯	૧૯	કરવો	કરવું
"	૨૮	પ્રસગો પાત	પ્રસગોપાત
૨૦	૨૩	ભગવાન	ભગવાન્
૨૧	૧	ક્રેડી	ક્રેડી
૨૨	૨૩	સી	સ્ત્રી
"	૨૪	સાંભળયું	સાંભળ્યું
"	૨૫	સો	સ્ત્રી
"	૨૯	રુપ ચંદ્ર	રુપચંદ્ર
૨૩	૫	સંબોધ	સંબોધે
૨૪	૧૪	વ્યવહારિક	વ્યાવહારિક
૨૭	૧૨	સમાકત	સમકિત
૨૮	૧	સમ્ભર	સમ્ભર
૨૯	૯	રમરણ	સ્મરણ
૩૧	૨૯	અખંડ	અખંડ

	૧૩	કૃમ	ક્રમ
	૭	ઉિમ	શામ
	૧૮	+	પ્રારંભ ૩ જું.
	૨૦	વિવેકમિ	વિવેક મોટો
	૧૨-૧૩	સંસારિક	સાંસારિક
	૧	વિવેકયદ	+
૨	૨૧	પ્રમાણીક	આમ.લ્કિ
૩	૧૩	ગુન્ય	ગન્ય
૬૪	૨૩	બીભત્સ	બિભિત્સ
૬૫	૩	મૂર્ષાય	મુર્ષાય
૬૬	૨	મૈત્રિ	મૈત્રી
૬૭	૧	માધ્યમ	માધ્યસ્થ
૭૦	૧	મૈત્રિ	મૈત્રી
૭૧	૮	કૃમ	ક્રમ
,,	૨૨	આનર	અંતર
૭૨	૧૦	અટકુ લેટમિ:	અટકવું લેટમિ !
૭૩	૧૦	અનુવાદ	અનુવાદ
૭૫	૫	જનની	જીવની
૮૦	૧૨	ચરિત્ર	ચરિત્ર
૮૧	૧૮	સ્યાદાક	સ્યાદાદ
,,	૧૩	દવેતા	દવેષા
૮૩	૧૯	કુશાચાર	કુશ.ચાર
,,	૨૦	કુશનો	કુશનો
,,	૬-૧૧	સાંસારિક	સાંસારિક
૮૪	૧૪	શા	શાએ
૮૬	૧૫	યશાકુ:	યશાકુ: ।
,,	,,	સુણિ:	સુણાઃ
,,	૨૦	યસો	યશો
,,	૨૧	પિત્રે	પિત્ર્યે
,,	૨૨	સ્વાક્ષા	સ્વાક્ષા
,,	૨૩	યત્વયેવુ	યત્વયેવુ
,,	૨૪	યશાંપ્યે	યશાંપ્યે

[illegible]	[illegible]	[illegible]
	[illegible]	[illegible]
	[illegible]	[illegible]
	[illegible]	[illegible]
	[illegible]	[illegible]
	[illegible]	[illegible]
	[illegible]	[illegible]
		[illegible]
		[illegible]
	[illegible]	[illegible]
		[illegible]
		[illegible]
		[illegible]
	[illegible]	[illegible]
	[illegible]	[illegible]
	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
	૧૧	મુનિનાં	મુનિના
૧૨૪	૨૧	આરરદ	આરસ્પર
૧૨૬	૨૨	દાનાં	દાનાં
"	૮	નિરાજ	નિયમ
૧૨૮	૬	જગત	જગત
૧૩૦	૭	એવાં	એવા
	૧૪	જાઈએ	જોઈએ
૧૩૧	૧૩	પદાથી	પદાર્થો
૧૩૨	૧૪	કમા	કર્મો
"	૨૫	ઉપાસ	ઉત્પ્રાસ
"	૨૪	[illegible]	[illegible]
૧૩૩	૧૩	કમા	કર્માં
૧૩૪	૯	અનિની	અગ્નિની
૧૩૮	૧૫	નિશ્ચ્ય	નિશ્ચય
૧૪૦	૨૬	અર	અરે
"	૧૦	પરે	પરે
૧૪૨	૧૮	સાધન	સાધન
"	૧૧	જગત	જગત
૧૪૪	૨૫	મન	મન
	૧૨	મરે	મરે
૧૪૬	૨૮	જગત	જગત
"	૨૪	આરતિ	[illegible]
૧૪૭	૫-૬	રાગ	[illegible]
૧૪૮	૧૯	[illegible]	[illegible]
	૧૪	[illegible]	[illegible]
૧૪૯	૧	[illegible]	[illegible]
૧૫૦	૫	[illegible]	[illegible]
"	૨૨	[illegible]	[illegible]
૧૫૦	૨૨	[illegible]	[illegible]
"	૭	[illegible]	[illegible]
૧૫૧	૨૦	[illegible]	[illegible]
૧૫૨	૧	[illegible]	[illegible]
૧૫૬			

અવશ્ય વાંચો.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા.

અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ

તરફથી.

પ્રગટ થયેલ પુસ્તકો.

આ ગ્રન્થમાળામાંના ગદ્ય અને પદ્યના દરેક ગ્રન્થો વાંચીને મનન કરવા લાયક છે મુનિશ્રીની લેખનશૈલી સમભાવવાળી હો. વાથી દરેક ધર્મના મનુષ્યો પ્રેમપૂર્વક વાંચે છે, વલી આ ગ્રન્થો અધ્યાત્મ અને તત્વજ્ઞાનથી ભરપુર છે.

આવા ઉત્તમ ગ્રન્થો તદ્દન નજીવી કીંમતે પ્રગટ કરવાની પહેલ આ મંડળેજ કરી છે. ગ્રન્થો જોઇ ખાત્રી કરો.

નીચેના સ્થલેથી પુસ્તકો વેચાણ મળશે.

અમદાવાદ—જૈન બોર્ડીંગ–ઠે. નાગોરીસરાહ.

મુંબઈ—મેસર્સ મેઘજી હીરજીની કં. પાયધુણી.

" શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ ઠે. ચંપાગલી.